Shravika Reg. No. B. 1289.

પુસ્તક ૨ જું. અંક ૬ ઠ્ઠો        આ. પ્રે. મંગળભાઈ મોતીલાલ–મુંબઈ.

# શ્રી સુખ દર્પણ.



### ગીતિ.

દર્પણ સ્ત્રીના સુખનું, ગૃહ મંદિર શોભાવે પતિ સંગે;
પુષ્પ પાંખડી અર્પી, જીવન સફલ નીજ કરતી ઉછરંગે.

તંત્રી, શેઠ દેવચંદ દામજી–કુંડલાકર.        વ્યવસ્થાપક, ગુલાબચંદ લલુભાઈ શાહ–ભાવનગર.

# વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | ગુણિયલ સતી. | જી. બી. પવાર. ... ... ... | ૧૨૩ |
| ૨ | પ્રમુદા કે પતિભક્તિ. | શુક્લ નર્મદાશંકર હરગોવિંદ. ... ... | ૧૨૪ |
| ૩ | યશોધરા. | નલિનીકાન્ત. ... ... ... | ૧૩૦ |
| ૪ | ગિરજાદેવીનું ટુંક વૃત્તાન્ત. | રમા. ... ... ... ... | ૧૩૧ |
| ૫ | જ્યોત્સ્ના. | રા હીરાલાલ રણછોડદાસ. ... ... | ૧૩૯ |
| ૬ | સંસારદર્પણ અને સુશીલાની કર્મકથા. | બ્હેન મંગળાબ્હેન. ... ... ... | ૧૪૩ |
| ૭ | વ્યવહારમાં સ્ત્રીઓનો હીસ્સો. | સૌ. શારદાબ્હેન. ... ... ... | ૧૪૪ |
| ૮ | સ્ત્રી-જગત. ... ... | ... ... ... ... ... | ૧૪૫ |
| ૯ | સ્વીકાર ... ... | ... ... ... ... ... | ૧૪૬ |


વાર્ષિક લવાજમ-હિંદ માટે પોસ્ટેજ સાથે, રૂપીઆ ૩-૦-૦ છુટક અંકના આના ૭.




પુ. ૨ જું. ઑગષ્ટ—૧૯૧૮ અંક ૬ ઠ્ઠો.

# ગુણિયલ સતી.

( ગઝલે—કવાલ્લિ. )

જગમાં સતી નારી સદા, ઘરબારને શોભાવતી;
પતિને પ્રફુલ્લિત પ્રેમદા, કરી હરઘડી બોલાવતી.
રહે સંપી સૌ કુટુંબમાં, નિતિ નેમ પ્રેમ હૈયે ધરી;
કરી વશ સકળ સબંધીને, સદ્ગુણ સૌમાં લાવતી.
નીજ બાળકોને કેળવી, શુભ આચરણ શીખવાડતી;
નહિ કલેશ તો લવલેશ પણ, નરમાશથી સમજાવતી.
આવી પ્રિયા પતિને સદા, સુખ શાન્તીમાં ઝુલાવતી;
થાજો ધરોધર હિંદમાં, સૌ નારીઓ ગુણીયલ સતી.

જી. બી. પવાર—ધોળકા.

# પ્રમુદા કે પતિભક્તિ.

( લે.—રા. શુકલ નર્મદાશંકર હરગોવિંદ ખારાઘોડા. )

( ૪ )

પ્રમુદાની ઉમ્મર વધારે નહોતી, પરંતુ હિંમત ઘણીજ હતી. " પાણીનો બંબો આવી પહોંચે તે અવળ પણ જેટલી બને તેટલી આપણે મહેનત લેવી જોઇએ ! " પ્રમુદાએ ધિરજરામ તરફ દૃષ્ટિ કરતાં કહ્યું. થોડીવાર પ્રમુદા આસપાસ ફરી એક લાકડાની સાગઠી શોધી લાવી, ચણીયાનો કચ્છ મારી બોલી—કાકાજી ! " મ્હારી કાંઇપણ ફીકર કરશો નહિ ! " જુઓ ! મારાથી બનતો પ્રયત્ન કરી મારી ફરજ બજાવું છું. આમ વાતચીત થતી હતી તેવામાં એક જડભરત જેવો તાજો ઉંઘમાંથી એબાકળો ઉઠેલો માણસ હાથમાં મોટી બે લાકડાની સાગઠીઓ લઇ ત્યાં આવી પહોંચ્યો. થોડીવાર સ્હેજ આડું અવળું જોઈ બળતા ઘરની પાસેના ઘરની અગાસી ઉપર ઠેકડો મ્હારી ચડી ગયો ! અને એકદમ બે સાગઠીઓથી બળતાં ઘર ઉપર પ્રહાર કરવો શરૂ કર્યો. પ્રમુદા પણ ધૈર્ય રાખી બળતા ઘરની પાસેના બીજા મકાન ઉપર ચડી ગઇ, અને સાગઠીનો પ્રહાર ચાલુ રાખ્યો. થોડીવારમાં અગ્નિની જે જવાળાઓ પ્રચંડ અને બિહામણી લાગતી હતી તેનું જોર સ્હેજ કમી થતું જણાયું. પ્રથમ અગ્નિની જવાલાઓ નાબુદ કરવાનું માત્ર એટલુંજ, કે અગ્નિનું જોર વિશેષ વધવા પામે નહિ અને તે પરિણામે બળતા ઘરની પડોસના ઘરો અગ્નિના પ્રચંડ ઝપાટાથી બચે. નવો આવેલ માણસ જે અગ્નિ હોલવવાના મહદ્ કાર્યમાં પ્રવર્ત હતો તે ઓળખી શકાતો નહોતો. બ્યુગલ સાથે " ફાયર એન્જીન " આવી પહોંચ્યું. અગ્નિ ઉપર વૉટર-પાઇપોનો પ્રહાર પણ શરૂ થઇ ગયો, ત્હેમજ અન્ય આવેલ માણસો પણ અગ્નિ શાન્ત કરવાના કાર્યમાં રોકાણા. એક તરફથી વૉટર પાઇપ છોડનારાઓને શાબાસીના પોકારોથી ઉત્તેજન અપાતું હતું. સુવર્ણપુરના રેસીડેન્ટ સાહેબ પણ ત્યાં આવી પહોંચ્યા હતાં અને અન્ય લોકોને કામે લગાડતાં હતાં, તેમજ મનહર મ્હેતાને અત્યંત દિલાસો આપતાં હતાં. મનહર મ્હેતાનું ઘર બે મજલાનું હતું તેમજ લાય ઉપરનાજ ખંડમાં વધારે જણાતી હતી. જો તાત્કાલિક મદદ નહિ આવી પહોંચી હોત તો અગ્નિ વધારે અને વધારે ભયંકર સ્વરૂપ બતાવી બીજાં કેટલાંક ઘરોનો નાશ કરત કારણકે પવન પણ ઘણોંજ જોરથી વાતો હતો જેથી પડોસના ઘરમાં પણ અગ્નિની પ્રચંડ જવાલા ઉત્પન્ન થતાં વાર લાગે તેમ ન્હોતું.

સર્વ તરફની મદદ સત્વર આવી પહોંચતાં મનહર મ્હેતાનું ઘર દૈવ્ય કોપાગ્નિથી તદ્દન ભસ્મિભૂત થતું અટક્યું હતું, ઘરના ઉપરના મઝલાને વધારે નુકશાન થવા પામ્યું હતું, જો કે પૈસો, ઘરેણાં તેમજ કિંમતિ લુગડાંલત્તાં વિગેરે ઘરના નીચલા ભાગમાં ઘણીજ સહિસલામત રીતે જળવાઇ રહ્યું હતું, છતાં ઘર માંહેનો ઘણોક પરચુરણ સામાન અગ્નિમાં ભસ્મિભૂત થઇ ગયો હતો. પ્રમુદાએ તેમજ નવા અપરિચિત પુરૂષે અગ્નિને પ્રચંડ સ્વરૂપ પકડતાં અટકાવી હતી; લાય તદ્દન શાંત થઇ ગઇ એટલે આવેલ સર્વ ગૃહસ્થો મનહર મ્હેતાને આશ્વાસન આપી પોતપોતાને રસ્તે પડતાં હતાં. અગ્નિ હોલવાઇ ગયાના બ્યુગલ સાથે ફાયર એન્જીન ઉપડયું, તેમજ ગૃહસ્થાલય માંહે રહેનાર જનવર્ગ સિવાય સર્વ વિખરાઇ ગયાં. ધિરજરામે મનહર મ્હેતાને દિલાસો

આપતાં પૂછ્યું વારૂ !. ત્યારે તમારો રમણુલાલ ક્યાં છે ? રમણુલાલ નાટક જોવા ગએલો છે મનહર મ્હેતાએ પ્રત્યુત્તર આપ્યો. એટલું ઇશ્વર ઇચ્છાએ સારૂં થયું કે રાધા તમારે ત્યાં હતી, અને રમણુલાલ નાટક જોવા ગયો હતો, નહિંતર મારૂં જીવન તદ્દન શ્યામ થઇ જાત, મનહર મ્હેતાએ સ્હેજ દમ ખાઇ કહ્યું. રમણુલાલ મનહર મ્હેતાનો એકનો એકજ પુત્ર હતો, જેથી તેને મોઢે ચઢાવવામાં બાકી રાખી નહોતી. ભણુવા તરફ તેનું લક્ષ બિલકુલ ન્હોતું, પરન્તુ ગામમાં હમેશાં આથડ્યા કરતો હતો, ત્હેને નાટક જોવાનો ઘણોજ શોખ હતો, જેથી સતત્ નાટક જોવામાંજ તે તલ્લિન રહેતો. મનહર મ્હેતા આડકતરી રીતે ઘણીજ શિખામણુ દેતા હતા, પરન્તુ રમણુલાલ કોઇનું કહેવું માનતો નહોતો. અયોગ્ય મિત્રના સહવાસથી ત્હેની ચાલચલગત પણુ બગડી જતી હતી, જો કે મનહર મ્હેતા તેને વારંવાર ઠપકો દેતા હતા, પરન્તુ રમણુલાલ તેનું ધાર્યું કરતો હતો. અગ્નિથી બળી ગએલ ઘરની સંભાળ રાખવા માટે લાલાજીને મુકી ધિરજરામ સર્વ સાથે "ગૃહસ્થાલય" માં આવ્યો. હાલ યુવકની શું સ્થિતિ છે તે જોવા માટે પ્રમુદા ઉતાવળા પગલે અંદરના દિવાનખાનામાં દાખલ થઇ ચોમેર જોવા લાગી, પરન્તુ બિછાના ઉપર સુતેલ યુવકને નહિ જોવાથી તુરત બ્હાર આવી બોલી ઉઠી "કાકાજી, કાકાજી, બિછાના ઉપર યુવક જણાતો નથી, તે બિચારો અત્યારે મોડી રાત્રે ક્યાં અને કેવી રીતે ચાલ્યો ગયો હશે ? ત્હેમજ અત્યારે ત્હે ક્યાં આડઅડીઆં ખાતો હશે ?" "ત્હેને સારૂં થઇ ગયું હશે જેથી ત્હે ઘર તરફ ચાલ્યો ગયો હોય એમ જણાય છે, પછી તો હરિઇચ્છાએ જે બન્યુ હોય તે ખરૂં." ધિરજરામે પ્રત્યુતર આપ્યો. કેમ ! દેવજી મ્હારાજ ! "બિછાના ઉપર બેશુદ્ધ થઇ પડેલો યુવક ક્યાં, કેવી રીતે અને ક્યારે ચાલ્યો ગયો ?" પ્રમુદાએ જરા ઠપકો આપતાં કહ્યું. "બ્હેન ? બા ! "માફ કરો મને તે સબંધે બિલકુલ ખબર નથી કારણુ કે આખા દહાડાના પરિશ્રમથી ગાઢ નિંદ્રા દેવીને આધિન થવાથી સુઇ ગયો હતો" દેવજી મ્હારાજે નમ્રતા પૂર્વક ઉત્તર આપ્યો. દેવજી મ્હારાજ દક્ષિણુ કાઠીઆવાડનો બ્રાહ્મણુ હતો, ત્હેને તપખીર ઘસવાની અને સુંઘવાની ઘણીજ ટેવ હતી. શરીરે પુષ્ટ અને કામ કરવામાં ઘણોજ મ્હેનતુ હતો. રસોઇના કામમાં ત્હેણે શ્રેષ્ટતા મેળવી હતી, ધિરજરામના પિતા મુંકુંદરાય જ્યારે દિવાન તરીકે હતા, ત્યારથીજ દેવજી મ્હારાજ ત્હેમની પાસે હતો. દેવજી મ્હારાજે મળતા પગારમાંથી થોડોક પૈસો બચાવ્યો હતો, પરન્તુ ત્હેની ન્યાતમાં કન્યાની ઘણીજ અછત હતી, જેથી ત્હેઓ પુષ્કળ પૈસા એકત્ર કરવાની મહદ્ આશા તરફ દોરાયાં કરતાં હતાં, જોકે મુકુન્દરાયે ત્હેને સારી કન્યા મળેથી પરણાવી દેવા કહ્યું હતું, પરન્તુ ત્હેમના અવસાનથી દેવજી મ્હારાજની આશા ધૂળધાણી થઇ ગઇ હતી. કારણુ કે ધિરજરામનો કંજુસ સ્વભાવ દેવજી મ્હારાજ સારી પેઠે જાણુતો હતો. યુવકના અચાનક નાશી જવાથી પ્રમુદાને અત્યંત ગ્લાનિ ઉત્પન્ન થતી હતી, ત્યારે ધિરજરામનું હૃદય આનન્દથી ગુપ્ત રીતે ઉછળી રહ્યું હતું. પ્રમુદાના મનને શાન્તવન કરી ધિરજરામ સર્વ સાથે રાત્રી વ્યતિત કરવા સુવાના ખંડમાં ગયો, જ્યાં સર્વ નિદ્રાદેવીને આધિન થઇ ગએલાં પ્રદર્શિત થતાં હતાં ત્યારે પ્રમુદાએ બિછાનાની આસપાસ બારીક દૃષ્ટિથી નજર કરી, તો યુવકની હસ્તલિખિત એક કાગળની નાજુક ચબરખી માલુમ પડી, જેમાં ત્હેના ઉદ્દગારો નીચે પ્રમાણે પ્રદર્શિત થતાં હતાં.

"હૃદયમાં છે, રહેલું જે જીગર છુપું, છુપાવે શું ?
જીગર જોતાં, હૃદય રૂવે; દરદ મુજ દિલનું ધુવે."

વાંચવાની સાથેજ પ્રમુદા ધરણી ઉપર ઢળી પડી, પરન્તુ પરમાત્મા સિવાય ત્હેની ખબર કોણુ લે તેમ હતું !

## પ્રકરણ ૩ જું.

નવાપુરમાં આજે જ્યેષ્ઠ માસની ગ્રીષ્મ ઋતુનો ચંદ્ર પૂર્ણ રીતે પ્રકાશી રહ્યો છે. કોઇ કોઇ સ્થળેથી મધુર કર્ણપ્રિય અને સુકંઠિત ગાયનના આલાપ કર્ણ—પથને અથડાઇ રહ્યા છે. વાયુની મન્દ મન્દ શીતલ લહરીઓ આખા દિવસના કામથી કંટાળી ગયેલ મનુષ્યને અત્યંત આલ્હાદ આપી રહેલી દષ્ટિગોચર થાય છે, જ્યારે સંસાર—સુખના—સ્નેહોત્કૃષ્ટ—પરિચયમાં આવનાર દંપતી—યુગલ પ્રેમ—ચર્ચાના અનન્ય રહસ્યના સૂત્રનો મીઠો આસ્વાદ લેતાં માલુમ પડે છે. નભ—મંડળની નિર્મળતામાં અને પ્રકાશમાં રત્નદિપકના ગ્રહાદિક ઝુંડો અત્યંત અભિવૃદ્ધિ કરે છે, જ્યારે પ્રભુ—ભક્તિમાં અવલંબી રહેલાં ભક્તજનો ઇશ્વરસ્તવનના ઉત્કૃષ્ટ પદની ધુન ઉરાડી રહેલાં પ્રદર્શિત થાય છે. આજે ચંદ્રના શિતળ અને સુખકર રશ્મિ નવાપુરમાં સર્વ સ્થળે અત્યંત વિવિધ સુખ દુઃખનાં સ્મરણ કરાવી રહેલાં માલુમ પડી આવે છે. આ વખતે નવાપુરના "રાજ્યગઢ" થી થોડે દૂરના એક અતિ ભવ્ય મકાનના અગાડીના ભાગમાં પાણીનો છંટકાવ થઇ રહેલો હતો અને વધારે બારીકીથી દષ્ટિ કરવામાં આવે તો બે વ્યક્તિઓ વિરામાસન ઉપર બેઠેલી જણાઇ આવતી હતી. અને તેઓના સમીપાગ્રે એક સ્ત્રી તાડછાની રંગબેરંગી ચટ્ટાઇ ઉપર બેઠેલી પ્રદર્શિત થતી હતી. બેઠેલ પૈકીમાંથી એક જણે કહ્યું—" પિતાશ્રી ! આપ બે ત્રણ દિવસ થયાં અત્યંત ઉદાસી અને ચિંતાયુક્ત જણાઓ છો તેનું શું કારણ ? " રશ્મિ ! " મને પણ એમજ જણાય છે, આખો દહાડો કંઇ કાર્ય કરવા ઉત્કંઠા થતી નથી, જીવ બળ્યા કરે છે એટલુંજ નહિ પરંતુ અનેક અશુભ વિચારોના સ્મરણે હૃદય હમેશાં ખિન્ન રહ્યા કરે છે." માધવપ્રસાદે દીર્ઘ નિઃશ્વાસથી ઉત્તર આપ્યો. વ્હાલા રશ્મિ ! " મારી પણ બે ત્રણ દિવસ થયાં જમણી આંખ સતત્ ફરક્યા કરે છે જેથી આપણા પરત્વે શું અનિષ્ટ વાદળ ઝઝુમી રહેલું છે તે કાંઇ સમજાતું નથી." તાડછા ઉપર બેઠેલી ગંગાગૌરીએ પણ ચિંતાતૂર ચ્હેરે કહ્યું. માતુશ્રી ! "મ્હારી પણ એજ દશા છે, મારૂં પણ ચિત્ત અત્યંત શોકાગારમાં ડુબકા મારી રહેલું છે, વળી આજ સવારના પરોઢીએ મને એક ઘણું અનિષ્ટ સ્વપ્ન થયું હતું જેથી તેનું સતત્ સ્મરણ થતાં મ્હારી ભવિષ્યની સર્વ ઉચ્ચ આશાને ધુળધાણી થતાં જોઉં છું. " રશ્મિકાન્તે સજળ નેત્રે ઉત્તર આપ્યો. રશ્મિ ! " હમારી હૈયાતી સુધી તને કોઇ પણ પ્રકારની વિટંબના પડવા દેશું નહિ, હિંમત રાખ ! પણ ભાઇ ! સ્વપ્નુ ભાગ્યે જ સત્ય નિવડે છે જેથી ત્હારા હૃદયમાં દાખલ થએલાં સ્વપ્ન—વિચારો દૂર કર ! એવું શું સ્વપ્નુ તને આવ્યું હતું કે તું અત્યંત દિલગીર થઇ જાય છે ! " ગંગાગૌરીએ આશ્વાસન આપતાં પ્રશ્ન કર્યો. માતુશ્રી ! "હમે, હું તથા મારા પીતાશ્રી ત્રણે જણ સૃષ્ટિ—સૌંદર્યની તલ્લીનતાનો આલ્હાદ લ્હેવા બહાર ફરતાં હતાં, દરમ્યાન આકાશ એકદમ અત્યંત શ્યામ થઇ ગયું, પવનના સુસવાટના પ્રચંડ ઝપાટાથી વૃક્ષોના પાંદડા વિગેરેનો અવાજ ચોમેર ગાજી રહ્યો, તેવામાં અચાનક નાસો ! નાસો ! નાસો ! ની કારમી અને ભય ઉત્પાદક ચીસ સંભળાઇ, પરંતુ ક્ષણવારમાં એક ઘટાદાર વૃક્ષની છાયામાં જ્યાં આપણે ઉભા હતાત્યાં એક વિકાળ ક્રૂર અને હિંસક પ્રાણી પહોંચ્યું, ત્હેની બિહામણી આંખોમાંથી નિકળતા ક્રૂરાગ્નિના અત્યંત ભયથી આપણે સૌએ જીવ બચાવા નાસવા માંડયું, પરન્તુ તેની પાસેથી નાસી જવાનો બીલકુલ અવકાશ ન્હોતો, જેથી મ્હારા પીતાશ્રી ત્હેના પંઝામાં સપડાયા, પરન્તુ ત્હેની ક્રૂર ગર્જનાએ મને તેમજ તમને નસાડી મુકયાં. પીતાશ્રીની બેભાન સ્થિતિ ઉપર તે હિંસક પ્રાણી સંપૂર્ણ છાપો મારે, તે અવળ ત્યાં કોઇ સ્ત્રીએ પરમાત્મા પ્રેરિત પ્રકટ થઇ તેનો તુર્ત નાશ કર્યો એટલુંજ નહિ પરન્તુ ત્હેણે મમતા

ભરી દૃષ્ટિથી હાસ્ય કરી મને કહ્યું કે હું તને પણ સુખકર થઈશ. નાસી છુટા બાદ અનેક આપત્તિ વિપત્તિઓ સાથે મ્હારૂં જીવન શરૂ થયું, હું અણુચિંતવ્યા પીતાના મૃત્યુ વિયોગથી અનેક વિટંબનાઓ અને સંસારનો સર્વ ઉપાધીના વિચાર વમળના આવેશથી નદીમાં કુદી પડયો, તેટલામાં કોઈ વ્યક્તિએ તુર્ત મને બ્હાર કાઢયો, અને મને જ્યારે ભાન થયું ત્યારે ત્હેણે કહ્યું " હિંમત રાખ ! ચાલ ! મારી સાથે હું હમેશાં તને સુખકર નિવડીશ " જ્યાં મારી સારવાર કરનાર વ્યક્તિ તરફ મારી દૃષ્ટિ ગઈ ત્યારે તે એક સ્ત્રીજ જણાઇ તેની સાથે હું જ્યારે વધારે વાત કરવા જતો હતો ત્યાં મારી આંખના દ્વાર ખુલાં થઇ ગયાં, મારૂં હૃદય અત્યંત જોરથી થડકવા લાગ્યું. સ્વપ્નું, શું ! હું કયાં ! સ્ત્રી કોણ ! તમે કયાં અને પીતાશ્રીનું શું ! આ પ્રમાણે પથારીમાં પડ્યો પડ્યો અનેક વિચાર કરવા લાગ્યો, પરન્તુ જેમ જેમ વધારે વિચારશૃંગ ઉપર ચડતો ગયો તેમ તેમ મારૂં હૃદય વધારે દિલગીર થતું માલુમ પડયું, તેમજ મારી ભવિષ્યની આશાની ઉચ્ચ અભિલાષાની નષ્ટતાનો હૃદય ઉપર સજ્જડ આઘાત થયો. જો કે હું સમજું છું કે સ્વપ્નું કદી પણ સત્ય નિવડતું નથી, પરન્તુ તે સુત્રને મારૂં હૃદય અત્યારે કબુલ કરતું નથી. ઉપર દર્શાવેલ બ્યાન સિવાય મારી જીંદગી ઉપર અત્યંત ફેરફાર થઇ ગયો. જો કે સંપૂર્ણ સ્વપ્નાનું મને બીલકુલ સ્મરણ નથી, પરન્તુ જે કાંઇ અવશેષ યાદ છે તે મ્હેં સર્વ નિવેદન કર્યું. " રશ્મિકાન્તે ગમગીન ચ્હેરે સ્વપ્નાનું સ્પષ્ટીકરણ કર્યું.

સ્વપ્નાની અનિષ્ટ વાત સાંભળી સર્વ સ્તબ્ધ થઇ ગયાં. સ્ત્રીઓનું હૃદય પોચું અને નબળું હોય છે તે સાથે વ્હેમી પણ હોય છે, જેથી ગંગાગૌરીના હૃદયને સ્વપ્નાની માઠી અસર ન થાય તેથી માધવપ્રસાદે કહ્યું–" ગૌરી " સ્વપ્નાની વાત તદ્દન બીનપાયાદાર મનાય છે, કારણ ધણી વખત સ્વપ્નામાં નિર્ધન પૈસાપાત્ર બને છે, પૈસાદાર નિર્ધન થાય છે, કોઇ કંગાલને રાજ્યગાદી પ્રાપ્ત થાય છે, જ્યારે કેટલાક યમદ્વારનાં દર્શન કરવા ચાલ્યા જાય છે, પરન્તુ સવાર થયે કોઇની સ્થિતિ બદલાતી નથી. જ્યાં જ્યાંનું અને ત્યાં ત્યાંનું સતત્ પ્રદર્શિત થાય છે, માટે પરમાત્મા પ્રત્યે આપણા શ્રેયોત્કર્ષની ઉજ્વળ લાગણી પ્રદર્શિત કરો કે જેથી નિરંતર આપણું શ્રેષ્ટ કલ્યાણ મંગળમય થાય, અને ભવિષ્યને માટેની ઉચ્ચ આશાઓ, આપણા હૃદયમાં અસ્તિત્વતા ધરાવે.

માતુશ્રી ! આપણી ભવિષ્યની સ્થિતિને માટે જે પરમાત્મા તરફથી નિર્મિત થયું હશે તે ચોક્કસ થવાનુંજ તો પછી અત્યારથીજ ચિંતાયુક્ત દિવસો નિર્ગમન કરી વિહ્વળ થઇએ તે સારૂં કહેવાય નહિં. જે કાંઇ આપણી પાસે છે તે પરમાત્મા પ્રેરિત ઉત્કૃષ્ટ પ્રાસાદ વડે પ્રાપ્ત થયું છે, અને કદાચ સર્વસ્વ ચાલ્યું જશે તો હર્ષ શોક કરવા જેવું છે નહિ, " રશ્મિકાન્તે દ્રઢતા પૂર્વક ઉત્તર આપ્યો.


રશ્મિ ! " હું પણ સર્વ વાત સારી પેઠે સમજું છું અને ત્હારી ઉમરના પ્રમાણ તરફ દૃષ્ટિ કરતાં ત્હારા સુજ્ઞ અને શ્રેષ્ટ વિચારો અત્યંત પ્રશંસાપાત્ર જણાઇ આવે છે. " ગંગા–ગૌરીએ રશ્મિને ધન્યવાદ આપતાં કહ્યું. પણ પીતાશ્રી ! " સાવધ રહેજો ! કારણ કે દેશ–કાળ દુષ્ટ છે, અને તેમાં પણ રાજ્ય–તંત્રની ખટપટો ઘણીજ અગાધ હોય છે, જેથી તે એકદમ જાણી શકાતી નથી. જો કે આપ કોઇના અનિષ્ટમાં ઉત્સુક નથી, પરન્તુ અચાનક રાજ્ય–તંત્રની ખટપટના મહાન પરિબળે આપ પ્રત્યે અણુચિંતવ્યું આવરણનું વાદળ ઝુકી પડે તે અવળ તેને નિર્મળ કરવા યથાસ્થિત પ્રયત્નમાં રહેવું તેજ હાલ આપણે માટે અત્યંત શ્રેયસ્કર છે. "

રશ્મિ ! " ખરેખર ત્હારૂં કહેવું તદ્દન યુક્ત છે, રાજ્ય–તંત્રની ખટપટથી ઘણા સત્યપ્રિય અને અત્યંત દક્ષત્વ ધરાવનાર પુરૂષો પણ ગોથા ખાઇ ચાલ્યા ગયાં છે, રાજ્યમાં સ્નેહીઓનો

અત્યંત દાવો ધરાવનારા પણ પ્રસંગ આવે એક શત્રુ સમાન બ્હાર પડી નિર્મુળ કરવા અથાગ પરિશ્રમમાં મચ્યા રહે છે, જેથી રાજ્યના કારોબારમાં પણ કોઇ ઉપર વિશ્વાસ રાખવો તે અત્યંત દુઃખકર પ્રસંગ આવી પડવા સંભવે છે, કારણ કે આપણા લોકોની આંખમાં ઇર્ષ્યા અધિકતર સમાએલી છે જેથી તેઓ એક બીજાની ઉચ્ચત્તર સ્થિતિ જોઇ શકતા નથી તેમજ શ્રેય પણ કરી શકતા નથી, પરન્તુ બીજાની શ્રેષ્ટતાની નષ્ટતા કરવા પાછળ મહાન પ્રયત્નો કરે છે, એટલુંજ નહિ, પરન્તુ થોડા ઘણા પૈસાનો વ્યય પણ કરે છે. દરેક સંસ્થાની શ્રેષ્ટતાનો આધાર "સંપ" ઉપર અવલંબી રહેલો છે, જ્યારે ઇર્ષ્યા પ્રતિ સ્પર્ધાના દુષ્ટ રસ્તે વહન કરે છે જેથી ઇર્ષ્યાળુ હૃદયમાં હળીમળીને રહેવાના ઉત્કૃષ્ટ સંસ્કારોના ઉજ્જવળ બીજ ક્યાંથી હોય ?" માધવપ્રસાદે હાલના ચાલતાં રાજ્ય–તંત્રનું સ્મરણ કરતાં કહ્યું. પિતાશ્રી ! "રાજ્યનેતા ભ્રમિતસિંહ પણ રાજ્યકુળને દિપાવનાર સદ્‌ગુણયુક્ત બીલકુલ નથી." ખરેખર! સત્યજ છે! ત્હેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ મુકાય તેમ પણ નથી, કારણ કે પ્રસંગ આવે વિના વિલંબે દરેક જણની વાતચિતમાં ભમાઇ જાય છે, જેથી કેટલીક વખત તેને પાછા ઠેકાણે લાવવા માટે અત્યંત પ્રયત્નો કરવા પડે છે, સત્ય અને અસત્ય શું છે, તે સબંધી દીર્ઘ દૃષ્ટિથી જરાપણ વિચાર નહિ કરતાં ખોટે રસ્તે તે દોરાંયા કરે છે, રાજ્ય–નેતા તરીકેના એકે સદ્‌ગુણ ભ્રમિતસિંહની અંદર જોવામાં આવતાં નથી, રાજ્યકર્તાની શું ફરજ છે તેનું પણ બીલકુલ લક્ષ નથી, આખો દહાડો વ્યસનમાં અને રંડીબાજીમાં મસ્ત રહ્યાં કરે છે, ત્હેની આસપાસના પાસવાન પણ તેવાંજ છે, રાજ્યનું શું હિત છે, લોકો સુખી છે કે દુઃખી તે તરફ જરાપણ દૃષ્ટિ નાંખતા નથી. મારા ધારવા પ્રમાણે તો લાંબો વખત આ પ્રમાણેની સ્થિતિ ચાલશે તો ખરેખર રાજ્યની પાયમાલી થવા પામશે એટલુંજ નહિ પરન્તુ કાઠીઆવાડમાં ઉચ્ચત્તર અને શ્રેષ્ટ પંક્તિએ પહોંચેલું નવાપુરનું રાજ્ય ધૂળધાણી થઇ જશે." માધવપ્રસાદે લાંબા વખતથી અનુભવેલાં રાજ્યની પાયમાલીના ઉભરાં કાઢતાં કહ્યું.

પિતાશ્રી ! "ખરેખર! હવે આપને આ રાજ્યમાં લાંબો વખત રહેવાની આવશ્યક્તા પણ નથી, કારણકે જ્યાં રાજ્યનેતાની નિર્બળતા હોય છે ત્યાં રાજ્યતંત્રની ખટપટ કઇ ઘડીએ કયું સ્વરૂપ પકડે છે તે કહી શકાતું નથી." રશ્મિકાન્તે પોતાનો દૃઢ નિશ્ચય જણાવતાં કહ્યું "રશ્મિ ! ત્હારૂં કહેવું તદ્દન યથાસ્થિત છે, વળી થોડા સમય થયાં એક પઠાણે ભ્રમિતસિંહને એટલો બધો ભમાવી દીધો છે કે આખા રાજ્યમાં ત્હેનું કહેલું ધ્રુવવાક્ય સમાન મનાય છે, તે પઠાણે ટુંક સમયમાં અત્યંત પ્રીતિ સંપાદન કરી લીધી છે. હવે રાજ્યનેતા ભ્રમિતસિંહની રજા લઇ અત્રેથી એત્રણ દિવસમાં આપણા સ્વદેશ વૃદ્ધનગરમાં ચાલ્યા જવાનો મ્હેં દૃઢ સંકલ્પ કર્યો છે." માધવપ્રસાદે પોતાનો દૃઢ નિશ્ચય બતાવતાં કહ્યું. પિતા અને પુત્ર વચ્ચે ચાલતી વાતચીત એક બાજુ પર બ્હેઠેલી ગંગાગૌરી સાંભળતી હતી તેણે કહ્યું "ખરેખર ! હવે વૃદ્ધનગર તરફ જેમ ત્વરીત જવાય તેમાંજ સર્વસ્વ હિત સમાએલું છે." ચાલતી વાતચીત દરમ્યાન ઘડીઆળના બાર રણુકારા કર્ણપંથને અથડાયા કે એકદમ સીટીના અવાજ સાથે પગરવ સંભળાવા લાગ્યો અને માધવપ્રસાદ પોતાના વિરામાસન ઉપરથી ઉભો થઇ વધારે બારિકીથી ગભરાએલે ચ્હેરે તપાસ કરવા જાય તે પહેલાં તો તેના સન્મુખ કોઇએક વ્યક્તિને ઉભેલી જોઇ એટલુંજ નહિ પરન્તુ કેટલાક રાજ્યના નિશાચરોને હથિઆર સજ્જ થઇ કાળા લેબાસમાં ઉભેલાં જોયાં. ધૈર્ય રાખી આગળ ધસે છે એટલામાં તો રાજ્યની અગ્રગણ્ય વ્યક્તિ તરીકે ઉભા રહેલા અબદુલ્લખાંએ આગળ આવી માધવપ્રસાદને વૉરંટ બતાવતાં કહ્યું "જુઓ ! આપ રાજ્યના બિનવફાદાર નોકર તરીકે દરેક કાર્યમાં વહન કરો છો, જેથી રાજ્યનેતા ભ્રમિતસિંહે આપને પકડવા માટે રાજ્યદ્રોહના

( સર્વ હક્ક સ્વાધીન. ) 




"નીચ હરામી બાયલા અત્રેથી ત્વરીત ચાલ્યો જા, નહિતર મ્હારા તપીગએલા ક્રોધાગ્નિથી તને ભસ્મિભૂત કરી નાંખીશ, એટલુંજ નહિ પરન્તુ મ્હારા અમુલ્ય જીવની લેશ પણ દરકાર કર્યાં સિવાય અમુક ઉચ્ચ આશામાં અવલંબી રહેલી ત્હારી અમુલ્ય જીંદગી ધુળધાણી કરી તને યમ-દ્વારમાં ખડો કરીશ."

આનંદ પ્રેસ—ભાવનગર. ચિત્રકાર—રા. ત્રિભુવનદાસ પટેલ

આરોપ સાથે વૉરંટ કાઢ્યું છે માટે સત્વર હમારે સ્વાધિન થાઓ.” રશ્મિકાન્ત તથા ગંગાગૌરી આ અચાનક બનાવથી તદ્દન દિગ્મુઢ બની ગયાં, પરન્તુ માધવપ્રસાદ ધૈર્ય રાખી બોલી ઉઠયો, “શું હું રાજ્યદ્રોહી છું ? મ્હારૂં કયું વર્તન અને કર્તવ્ય રાજદ્રોહના અંગભૂત કારણો પ્રદર્શિત કરે છે ?” “તે સંબંધે હું કાંઇજ જાણુતો નથી, પરન્તુ મને સુપ્રત થએલી ફરજ બજાવવા અત્રે આવેલો છું.” અબ્દુલ્લખાંએ પ્રત્યુત્તર વાળ્યો. રાજ્યના એક નિમકહલાલ નોકર તરીકે સર્વ કાર્યમાં પ્રવર્ત રહી ન્યાયદષ્ટિએ સર્વના શ્રેયમાંજ રહ્યા કરતો હતો શું ? તેના બદલામાં અન્યાયનેતા ભ્રમિતસિંહના તરફથીજ બેડી પહેરવાનોજ સમય આવ્યો. પરમાત્મા ! ખરેખર ત્હારી ગતિ ગહન છે. “ક્ષણમાં રાજા રંક બનાવે, નિર્ધનપર કૈં છત્ર ધરાવે.” માધવપ્રસાદ પોતાની ભાગ્યદેવીને ધિક્કારતો બોલી ઉઠયો.

“કેમ સાહેબ ! હવે વિલંબ ના કરો અને રાજ્યકર્તા ભ્રમિતસિંહ તરફથી આવેલી બેડી ત્વરિત હાથમાં પહેરી લ્યો.” અબદુલ્લખાં બેડી બતાવતાં ટકોર કરતાં બોલ્યો. અબદુલ્લખાંના અયુક્ત શબ્દો સાંભળી માધવપ્રસાદનું લોહી એકદમ તપી આવ્યું, અને ક્રોધાગ્નિથી લાલચોળ આંખો કરી ગાજી ઉઠયો, “નીચ હરામી બાયલા અત્રેથી ત્વરિત ચાલ્યો જા, નહિતર મ્હારા તપી ગએલા ક્રોધાગ્નિથી તને ભસ્મિભૂત કરી નાંખીશ એટલુંજ નહિ પરન્તુ મ્હારા અમુલ્ય જીવનની લેશ પણ દરકાર કર્યા સિવાય અમુક ઉચ્ચ આશામાં અવલંબી રહેલી ત્હારી અમુલ્ય જીંદગી ધૂળધાણી કરી તને યમદ્વારમાં ખડો કરીશ.” “માધવપ્રસાદે નવાપુરમાં ભ્રમિતસિંહને પ્રત્યેક પ્રસંગે અત્યંત મદદ કરી હતી અને જેને અંગે રાજ્યમાં અનહદ ખ્યાતિ અને શ્રેષ્ટતા મેળવી હતી જેથી તે તરફના સાત્વિક વિચારોએ ત્હેને અધિક શૌર્યતા અર્પણ કરી હતી. માધવપ્રસાદ વૃદ્ધનગરનો રહીશ હતો. નાનપણથી રાજતંત્રની મહાન ખટપટો તેણે જોઇ હતી. ઘરનો સુખી હતો. તેના પિતાની શ્રેષ્ટ તાલીમ ત્હેણે લીધી હતી, જેથી રાજયના કારોબારમાં અત્યંત દક્ષતા દર્શાવી સર્વ તરફની પ્રીતિ સંપાદન કરી હતી. ભ્રમિતસિંહનું રાજય ત્હેણે આબાદ અને વિસ્તારવાળુ કરી ઉત્કૃષ્ટ પંકિતએ મુકયું હતું. ભ્રમિતસિંહના રાજ્ય ઉપર બ્હારવટીઆ તેમજ વાઘેર લોકોના હુમલો હરઘડીએ આવતાં હતાં, પરન્તું ઘણીજ ચાલાકી અને વિરત્વતાથી સર્વને નસાડી મુકયા હતાં. માધવપ્રસાદને એકજ પુત્ર રત્ન હતું કે જેને ત્હે રશ્મિ કહી બોલાવતો હતો. રસ્મિકાન્તની ઉમ્મર અત્યારે માત્ર ઓગણીશ વર્ષની હતી. રશ્મિકાન્ત, માધવપ્રસાદ તેમજ ગંગાગૌરીના પ્રેમતત્વનું એક રમકડું હતો. માધવ–પ્રસાદ નિખાલસ દિલનો આનંદીત સજ્જન હતો તેમજ ગંગા–ગૌરીમાં સર્વ સદગુણો આવી રહેલા જોવામાં આવતાં હતાં. ગૃહકાર્યમાં શ્રેષ્ટ પંકિતએ મુકવા લાયક એક ગૃહણી તરીકે તેણે નામ કાઢયું હતું. માધવપ્રસાદ તેણીને પોતાની ભાગ્યદેવીનો સુખકર પ્રસાદ તરીકે માનતો હતો એટલુંજ નહિ પરન્તુ હરવખત કહેતો કે “આ દુઃખમય સંસારમાં સદગુણી સ્ત્રી એ પુરૂષની ખરેખર ભાગ્યદેવી છે,” ગંગાગૌરીમાં ન્હાનપણથીજ ઉત્કૃષ્ટ સંસ્કારો દાખલ થવા પામ્યા હતા જેથી પુખ્ત ઉમરે તે સંસ્કારો સંસારમાં અત્યંત દેદિપ્યમાન ઝળકી રહ્યાં હતાં. ગંગાગૌરી સ્વભાવે નમ્ર વિવેકી, સહનશીલ અને હસમુખી હતી જેથી ત્હેનું જીવન સતત્ સુખરૂપ પસાર થતું હતું. મર્યાદા તેમજ કરકસરતાનો ઉપયોગ ઘણીજ સારી રીતે કરી જાણતી હતી, અવકાશનો સમય ભરત, ગુંથણ, તેમજ નીતિ અને ધર્મપ્રેરિત પુસ્તકોના વાંચનમાં વ્યતિત કરતી હતી એટલુંજ નહિ પરન્તુ વ્રતરાજના પ્રત્યેક વ્રતો કરતી હતી તેનું કારણ માત્ર એટલુંજ માનતી કે વ્રતોને લીધે દરેક ઇન્દ્રિયોનો નિગ્રહ થાય છે અને તેને લીધે બુદ્ધિ હમેશાં નિર્મળ અને સાત્વિક રહે છે અને જેથી પરમાત્મા પ્રત્યેનું લક્ષ્યબિન્દુ હ્રદયમાં કાયમ રહે છે. (અપૂર્ણ.)

# યશોધરા.


( શાર્દુલ વિક્રિડીત. )

આજે રાણી યશોધરા શયનમાં, અસ્વસ્થ નિદ્રા લીએ,
પાસે બાળક પૂત્ર રાહૂલ અને, સિદ્ધાર્થ સૂતેલ છે;
વ્હાલા ? પ્રાણપતિ ? અરે ! ત્યજી મને ક્યાં દૂર જાઓ તમે ?
જાવું યોગ્ય કદી પ્રભુ ! વન વિષે, તો સાથ રાખો મને. ૧
આ રીતે લવતી અને ઝબકતી, નિશ્વાસ નાંખી રહી,
જાણે હાય ! થઇ રહી રખડતી, છોડી ગયા છે પતિ;
વ્હાલી ! પ્રાણ ! અરે ! અરે ! પ્રિય સખિ ! આરાધ્યદેવી પ્રિયા !
ના હું દૂર જતો નથી તુજ થકી, હૃદયસ્થ અર્ધાંગના ! ૨
શાન્તિ તું ધર અંતરે પ્રિય સખિ ! આનંદમાં રે' સદા,
નિદ્રા શાન્ત થઇ હવે કર સખિ ! થા સ્વસ્થ મ્હારી પ્રિયા !
મ્હારા ધર્મ થકી મ્હને નહિ સખિ ! અજ્ઞાન તું ધારતી,
છું ત્હારો ભર્તાર રક્ષક પ્રિયા ! ના દૂર થાઉં કદી. ૩
રાણી સ્વસ્થ થતી ઘડી નયન જ્યાં, ઘેરાય નિદ્રામહી,
ચાલ્યો જઇશ ત્યજી જરૂર પ્રિય ! તને, સિદ્ધાર્થ બોલે તહીં;
દેખું છું દુઃખમાં બધું જગત આ, આધિ ઉપાધિ વડે,
વીતાડે પશુ તુલ્ય જીવન અને, દુષ્કર્મ સઉ આચરે. ૪
આ અજ્ઞાન થકી બધા જગતનો, ઉદ્ધાર ઇચ્છું પ્રિયા !
ને તે યદીમહીં જરૂર સુખથી, સર્વાંગ હોમું પ્રિયા !
સોંપું છું જગદીશના ચરણમાં, પૂત્ર પ્રિયા માહરાં,
સ્હેવાનાં સુખ દુઃખ સઉ જગતને, જે હોય પ્રારબ્ધમાં. ૫
સુણાતાં ઉદ્ગાર રાણી ઝબકી, ઉઠી નિઃશાસા લીયે,
વ્હાલા ! પ્રાણપતિ ! ત્યજી દૂર થશો, એ ક્રૂરતા શું ઘટે ?
આ ન્હાના કુલ દીપ પૂત્ર પર શું, કૈં પ્રેમ ઓછો થયો ?
કે મૂકી અમને અનાથ જગમાં, બસ ! દૂર ચાલ્યા જશો ! ૬
આ રીતે લવતી અને ઝબકતી, નિઃશ્વાસ નાંખી રહી,
જાણે હાય ! થઇ રહી રખડતી, છોડી ગયા છે પતિ;
માપી કોણ શકયું અહો ! જગતમાં, પ્રારબ્ધ યોગો બધા,
રાણી મહાલમાં રડી ઘણું છતાં, સિદ્ધાર્થ ચાલ્યા ગયા. ૭

" નલિનીકાન્ત. "

(સર્વ હક્ક સ્વાધીન.)






" વ્હાલા પ્રાણપતિ ! અરે ! ત્યજી મને ક્યાં દૂર જાઓ તમે !
જાવું યોગ્ય કદી પ્રભૂ ! વનં વિષે તો સાથ રાખો મને. "

આનંદ પ્રેસ–ભાવનગર.

ચિત્રકાર–રા. ત્રિભુવનદાસ પટેલ.

# ગિરજા દેવીનું ટુંક વૃત્તાન્ત.

મારી સ્વર્ગવાસી વ્હાલી માતા ગિરજા મારા ન્હાનપણુમાં મારા બાપ સાથે એક મોટા શહેરમાં રહેતી હતી. મારા બાપુ દલાલીનો ધંધો કરતા હતા, અને બહુ સારી સ્થિતિમાં હતા. તેઓને વારંવાર ધંધાર્થે બહારગામ જવું પડતું. મારા ઘરની પાસે એક ન્હાના બગીચાવાળો બંગલો હતો તેમાં સુરેન્દ્રનાથ બાબુસાહેબ રહેતા હતા. તેઓ સરકારી કેળવણીખાતામાં અમલદાર હતા. તેઓનાં ધર્મપત્નિ શારદા બહુ ભલાં, કુશળ, અને વિવેકી હતાં. મારાં માતુશ્રી તદ્દન અભણ હતાં, કારણકે તેઓના વખતમાં અમારી જ્ઞાતિમાં સ્ત્રીઓને ભણાવવી તે મોટો દોષ ગણાતો હતો. મારા બાપુની ઘણી વખતની લાંબી ગેરહાજરીમાં મારી બા મને સાથે લઇને શારદા માશીને ઘેર જતાં હતાં. શારદા માશીનું હૃદય ધાર્મિક વિચારો, પ્રેમ, અને સમાજસેવાના આનંદ અને ઉભરાઓથી રાતદિન છલકાતું અને ઉભરાતું હતું. મારી બા ઉપર તેના ઉમદા હૃદયે છાપ પાડી હતી. હું આઠ વરસની થઇ ત્યાં સુધી મને નિશાળે મોકલવામાં આવી નહોતી, તેમજ ઘર આગળ પણ એક આંકડો શીખવવામાં આવ્યો નહોતો. મારા દાદા, દાદી, બાપુ વગેરે કહેતા, કે 'દીકરીને ભણાવવી તે તેને વંઠાવવા બરોબર છે. દીકરીઓને કયાં નોકરી કરવા કે કમાવા જવું છે કે તે ભણે. પ્રભુએ આપ્યું છે તે ખાય પીયે ને આનંદ કરે.' પરંતુ મારી બાના મનમાં તો આ જગત્‌માં સ્ત્રીના ઉમદા કર્તવ્યની છાપ નહીં ભુંસાય તેવી રીતે પડી હતી.

મારી બાએ પોતાની જવાબદારી ઉપર મને થોડેક દૂર આવેલી એક નિશાળમાં મોકલવા માંડી. આ નિશાળ પારસીઓની દીકરીઓ વાસ્તે હતી, પણ હિંદુની દીકરીઓ પણ થોડીઘણી ત્યાં આવતી હતી. મારે ઘેર નોકર ચાકર વગેરેની ખોટ નહોતી, તોપણ મારી બા પોતે મને નિશાળે મૂકી જતી અને પાછી લઇ જતી. હું નિશાળે જાઉં છું, અને તે પણ એક પારસીની નિશાળે, તેથી મારી મા ઉપર વારંવાર ધમાલ ચાલતી. આ નિશાળમાં ત્રણ ચોપડી શીખવવામાં આવતી. મારી બાના અતિશય શ્રમને લીધે મેં તે સર્વ અભ્યાસ થોડા વખતમાં પૂરો કર્યો. શારદા માશીની ભલામણથી વધારે અભ્યાસ વાસ્તે નજદીક આવેલી પાદરીની છોકરીની નિશાળમાં મારી બાએ મને મોકલી. હવે ધમાલની શી વાત! મારાં સગાંવ્હાલાંઓના કાગળો ગામડાંઓમાંથી મારા બાપુ ઉપર આવવા માંડયા, કે કુટુંબનું હવે નાક કપાય છે, કુટુંબની આબરૂ સર્વે પાણીમાં ગઇ, આવી વંઠેલને માથે બીજી દશ લાવી ઉભી રાખીએ, એમાં બીવું શું, વગેરે. મારા બાપુ એ સર્વે પત્રો નિરાંતે વાંચતા. શહેરના બીજાઓ પણ મારા બાપુને ઘણું કહેતા. મારા બાપુ મારી બાને કહેતા, કે હવે આપણે દીકરી રમાને કયાંક ઠેકાણે પાડીએ, અને ઘર આગળ રાખી કાંઇક ઘરતું કામકાજ શીખવીએ, એ વગેરે બહાનાં કાઢી મને નિશાળે જતી અટકાવવા સારૂ મારી બાને ઘણુંએ સમજાવતા, પણ મારી બાના ઉમદા વિચારો અચળ રહેતા. મારા બાપુ તેણીની હાજરીમાં કાંઇ વધારે બોલતા નહીં. ગિરજા એક દેવી છે, તે લક્ષ્મી છે, તે અંબા છે, વગેરે ઉદ્‌ગારો અશ્રુવાળી આંખે બહાર પડતા તે હું સાંભળતી અને જોતી.

હું તો પાદરીની નિશાળે ગયા કરી. એક વખત મારા દાદાના એક જૂના મિત્રને લાગ્યું, કે મારી બાને સમજાવી મને નિશાળે જતાં બંધ કરવી, કારણકે હું પાદરીની નિશાળે જાઉં તેમાં તેઓને બહુ ખોટું લાગતું, અને લોકોમાં તેમને નીચું જોવું પડતું. ભાનુભાઇ શાસ્ત્રીજી એક દિવસ

મારા બાપુ સાથે આવ્યા, અને ડાહી ડાહી વાતો કરવા લાગ્યા, કે ' પારસીની નિશાળે તો ઠીક, ત્યાં સુધી તો હદ હતી; પણ હવે પાદરીની નિશાળે કુમળા મનના બાલક—આપની બેટી—ને ભણવા મોકલી તે તો હદની બહાર છે. મોહનલાલને સગાંવ્હાલાં અને મિત્રોમાં નીચું જોવું પડે છે. ગિરજા બહેન, તમો તો સમજુ છો. દીકરીની ઉમર હવે બાર વરસની તો થઇ. પાદરીની નિશાળનું શિક્ષણ તો જાણ્યું. માત્ર પારકી કોમને વટલાવવાનો પ્રયાસ, નિશાળનો બહારથી ડોળ, કેટલાકને વટલાવી દીધા! શું આપણા જેવો તેઓનો ઉત્તમ ધર્મ છે? તેઓનો ધર્મ તો કનિષ્ઠ છે. દેવળમાં લઇ જાય, સ્હવારના પહોરમાં પ્રાર્થના કરાવે, સાંઝે છૂટતી વખતે પ્રાર્થના કરાવે, પારકા પ્રભુનું નામ આપણી પવિત્ર જીભે બોલાવીને તે પવિત્ર જીભને પાપી કરાવે,' એ વગેરે ભાષણ શાસ્ત્રીજીએ મારી બાની હાજરીમાં દશ પંદરેક મિનિટ ચલાવ્યું. બોલતાં બોલતાં જરા ઉંચા નીચા પણ થતા, અને ઘાંટાઓ પણ પાડતા. મારી બાની આંખોમાં આંસુ આવ્યાં. ભાનુ ભટ્ટજી સમજ્યા, કે હવે ખૂબ અસર થઇ છે, માટે ગિરજા બહેન ડાહ્યાં થઇ જશે. આમ વિચારીને અને ફતેહ મેળવી છે એમ ધારીને મારા બાપુ તરફ આંખોથી મચકાં કરવા લાગ્યા, કે હવે ગિરજા ઠેકાણે આવી જશે. મારી બા ભણેલ તો હતાંજ નહીં. શારદા બહેન તેની નસે નસે વ્યાપી રહ્યાં હતાં. મારી બાને મન શારદા તો સરસ્વતીજી હતાં, લક્ષ્મીજી હતાં, અને સીતાજી હતાં. તે સ્ત્રીત્વના ઉમદાપણાનું બાવલું હતું. શારદાનો ચિતાર મારી બાની અશ્રુવાળી આંખે આવીને ખડો થયો, તેનામાં હિંમત આવી, અને હિંમત આવતાં મારી બાએ ધીમે રહીને જવાબ આપ્યો: "શાસ્ત્રીજી, આપ તો અમારા સારા વાસ્તે કહો છો. મારા પ્રાણનાથના આપ મુરબ્બી છો એટલે મારા પણ મુરબ્બી છો. આપ જે કાંઇ કહો તે અમારા ભલાને માટેજ હોય, અને તેટલા માટે હું આપનો ઉપકાર માનું છું. હું આપનું બાલક છઉં, અને બાલક તરીકે બે શબ્દ છૂટ લઇ કહેવા માગું છું. જો મનુષ્યજાતિના ઉચ્ચ જીવનનો પાયો તેની માતાના ઉચ્ચ વિચાર ઉપર હોય, જો મનુષ્યની ઉન્નતિ—પછી તે ઉન્નતિ નૈતિક હોય કે માનસિક, સામાજીક હોય કે ધાર્મિક—સ્ત્રી દ્વારાએ હોય, તો પછી ભવિષ્યની માતાને યોગ્ય કેળવણી અને તાલીમની આવશ્યકતા તો દેખીતી છે. જો માબાપે પોતાની દીકરીને ઉત્તમમાં ઉત્તમ વારસો આપવાનો હોય તો તે મનુષ્ય-સેવા બજાવવાની તક તેને આપવાનો છે, અને તેનાં સાધનો તેને પૂરાં પાડવાનાં છે. તેથી તેમને—દીકરીઓને—યોગ્ય બનાવવાની છે. હું પોતે અભણ છું તેથી મારાથી મારા ઘરમાં તે સાધનો પૂરાં પડી શકે તેમ નથી, તો પછી જો કોઇ પણ તેણીને તે સાધન પૂરાં પાડી શકે તેમ હોય તો તેની પાસેથી તે સાધન તેને અપાવવામાં શું દોષ છે? જો તમને એમ લાગતું હોય કે પાદરીની નિશાળમાં આપણી દીકરીઓને ન મોકલાય તો ઠીક, તો ભલે, તમો તમારી જ્ઞાતિની દીકરીઓ વાસ્તે એવી સંસ્થાઓ શા માટે સ્થાપતા નથી? તમો તો માત્ર સ્ત્રીને પશુ સમાનજ રાખવી એ મહાવાક્ય અને મંત્ર અમને શીખવો છો. હવે તે બની શકે તેમ નથી. જો અમારા ધર્મગુરૂઓ અમને અમારા સ્ત્રીજાતિના ધર્મના રહસ્યનું ભાન ન કરાવે, અને સ્ત્રીઓના સાચા ધર્મ અમને ન શીખવે, તો શું અમારે પશુની માફક ખાઇપીને અમારા દિવસ પૂરા કરવા? પરમાત્મા તો તમારામાં અને અમારામાં એકસરખાજ છે. પાદરીની નિશાળમાં મારી દીકરી રમા પ્રભુનું નામ લેતી હોય તો શું ખોટું છે? જો તેમ કરવાથી પ્રભુ-પ્રેમ તેના હૃદયમાં વાસ કરે તો શું દોષ છે? પ્રભુ તો સર્વેનો એકજ છે. જો તમે અમારી ઉન્નતિ વાસ્તે કાંઇ નહીં કરવા ઇચ્છતા હો તો ભલે. જો મારી દીકરીને તક મળતી હોય તો તેનો સદુપયોગ કરી તેની જીંદગીની સાર્થકતા કરે તો આપને શી અડચણ છે? આપ આપનું સંભાળો તો બસ છે. સ્ત્રીઓનો ધર્મ અને તેઓની જીંદગીનો છેડો

બ્રાહ્મણોની કથા સાંભળી તેઓને દક્ષિણા આપવાનો છે એમ હું જરા પણ માનતી નથી. તેઓએ પતિ–સેવા, જન–સેવા, પોતાનાં વ્હાલાં બાલકોની સેવા અને તેઓને ઉત્તમ કેળવણી આપવાની ફરજો શીખવાની છે. મારી દીકરીને તેને યોગ્ય ભૂષણ સિવાય કાંઇ પણ આપવાને હું ઇચ્છતી નથી. મારે લાખો રૂપીઆને શું કરવા છે ? સ્ત્રીને તો સ્ત્રી રહેવા દ્યો. સ્ત્રીને સ્ત્રી થવા દ્યો. હવે વધારે વાર તેને પશુ રાખો માં." આવા શબ્દો સાંભળી મારા બાપુએ તો ત્યાંથી ઉભા થઇ ચાલવા માંડયું, કારણકે મારી બાએ આ સર્વ વિચારો મારા બાપુના મનમાં વારંવાર ઠસાવ્યા હતા. એટલે તે તો સ્ત્રીને ઉત્તમ કેળવણી આપવી એવા વિચારના થયા હતા. ભાનુશંકર ભટ્ટને મારી બાના આવા શબ્દોથી જરા અપમાન તો લાગ્યું, પણ ન્યાતજાતમાં વડીલ અને અનુભવી ગણાતા મહાશયને એક બાઇડી—એ બદામની બાઇડી—આ પ્રમાણે કહે તે તો કળિયુગનો પ્રભાવ એમ બોલતાં કહ્યું, કે 'ભલે, મને તો જે ઠીક લાગ્યું તે મેં કહ્યું છે, પણ ઘણીનું નાક કપાય છે, અને ન્યાતમાં છેક ફજેતો થયો છે.' મારી બાએ ઘણીજ ધીરજથી કહ્યું, "મારાથી વધારે બોલાયું હોય તો ક્ષમા કરજો, પણ મારી દીકરીને તો મારે શાસ્ત્રના ફરમાન મુજબ સ્ત્રીને યોગ્ય કેળવવી જ જોઇએ; કારણકે અમારા પવિત્ર લગ્નગાંઠની જવાબદારી અમારા અંતર્યામી સાક્ષી ઇશ્વિરને એક ઇશ્વિરી બાલક આપવાની છે, એમ હું સમજું છું. આ બાલક પ્રભુનું છે, અને તેને કેળવવાને વાસ્તે મને સોંપવામાં આવ્યું છે, માટે મારાથી બનતું કરી પ્રભુ પરત્વેની મારી સેવા હું યથાર્થ બજાવીશ. ભાનુદાદા, મને ક્ષમા કરજો."

હું મોટી એટલે ચૌદ પંદર વરસની ઉમરની થઇ એટલે મારા બાપુએ મારાં લગ્ન કરવાને અને મને યોગ્ય સ્થળે વરાવવાને વારંવાર પોતાની ઇચ્છા દેખાડવા માંડી. પરંતુ મારી બાએ સોળ વરસની મારી ઉમર થયા બાદજ મારાં લગ્ન કરવા દીધાં. મારી ઉમર મોટી થઇ ગઇ હતી તોપણ મારાં લગ્નની વાત થતી નહોતી એટલે ન્યાતમાં તો અમારે વિષે બહુ બોલાવા માંડયું. મારા બાપુને આવું સાંભળી બહુ ખોટું લાગતું, પણ મારી બાના દૃઢ વિચાર પાસે તેમના વિચાર ફરી જતા. તે કહેતા, "ગિરજાદેવી, તારા સર્વે વિચારો સાચા છે, ઉત્તમ છે, મારા હૃદયમાં ઉતરે છે, મારૂં હૃદય તે સર્વ કબુલ કરે છે અને તેનાથી આનંદ પામે છે, પણ તે સમયને અનુસરતા નથી, અને હજારો વિટંબણા ઉભી થાય છે."

મારાં લગ્ન ઉપર ખૂબ ધામધુમ થવાની તૈયારી ચાલી રહી છે. મારા બાપુ પાસે અઢળક ધન છે, માટે ન્યાતમાં કાંઇ નામ કાઢવું એ બાબતમાં મિત્રો અને સગાંવ્હાલાં લાગ્યાં રહેતાં. એક લાખ રૂપીઆ ઉપર પાણી ફેરવવાનું નક્કી થયું. ત્રણ ચાર પાર્ટી આપવી. કલકત્તા, પેશાવર, લાહોર, મદ્રાસ અને ત્રાવણકોર વગેરેથી નાચનારીઓને બોલાવવી; આતશબાજી વગેરે અડવાડિયા સુધી કરવી; મોહોલ્લામાં અને આસપાસ રોશની કરવી; અને દસ બાર દહાડા સુધી ન્યાત જમાડવી. મારા બાપુને પણ સારી રીતે ખરચ કરવાની ઇચ્છા હતી. બધી તૈયારી થવા માંડી એટલામાં શારદા માશી તરફથી એક પત્ર આવ્યો, કે કલકત્તા શહેરમાં ન્હાની કન્યાઓને શીખવાને માટે એક બોર્ડિંગ સ્કૂલ સ્થાપવાનો તેઓનો વિચાર છે; પણ પૈસા વગર–તે પણ બહુ સારી મોટી રકમ સિવાય–થઇ શકે તેમ નથી. તેઓએ થોડોઘણો પૈસો કલકત્તામાં ભેગો કર્યો છે, અને તેઓ પોતે પણ તેઓની જીંદગીના બચતનો લગભગ બધો હિસ્સો આપવાને તૈયાર છે, પણ તમો કાંઇ સારી મદદ આપો. મારી બાએ મારાં લગ્ન કરવાને કારે કાઢેલી રકમનો પોણો ભાગ માશી શારદાને મોકલી દેવાને મારા બાપુને સમજાવ્યું. મારા બાપુએ તેમ કરવાને પહેલાં તો આનાકાની કરી, પણ ગિરજાદેવીના ઉત્તમ વિચારો ફાવ્યા વિના રહેતા નહીં. લગ્ન જરા પણ

ધામધુમ સિવાય કરવાં. વળતે દિવસે માત્ર સગાંવ્હાલાં અને મિત્રોને બોલાવવા અને જમાડવા, અને પોતાની કોમની ત્રણ દીકરીઓને લગ્નને દિવસે લગ્નદાન આપવું, એવું પ્રોગ્રામ તૈયાર થયું. એંશી હજાર રૂપીઆનો એક શારદા માશી ઉપર તેજ દિવસે મોકલી આપવામાં આવ્યો. ન્યાત છેડાણી અને સગાંવ્હાલાં રીસાણાં, પણ ગિરજાદેવી તો હમેશની માફક દૃઢ રહ્યાં. મારી બાની દૃઢતા એજ મારા બાપુની દૃઢતા અને દિલાસો હતાં. તે બરોબર સમજતા, કે પોતાની જીંદગીનો વાસ્તવિક ફિરસ્તો ગિરજા હતી. મારી ન્યાતની ત્રણ ચાર અને બીજી ન્યાતની બે ત્રણ એવી રીતે અમો છ સાતનાં લગ્ન એકી સાથે થયાં. મારી બાનો એવો ઉદ્દેશ હતો કે છ સાતે દીકરીઓને જે કાંઇ વસાવવું તે એકસરખું જ વસાવવું. મારા બાપુના મનમાં રહેતું કે આમ કરવાથી મને માઠું લાગશે અને મારૂં મન દુખાશે. પણ મારી બા કહેતી, કે આપણી દીકરીને કોઇ રીતે ખોટું લાગે નહીં, કારણકે તે આપણું બાલક છે એટલે આપણા વિચાર તેના હૃદયમાં હોયજ.

આ વાતને કેટલાંક વરસ વીતી ગયાં એટલે કેટલાક જણા મારા બાપુની પછવાડે લાગ્યા અને એક બે સ્થળે મંદિરો બંધાવીને તથા ત્યાં પૂજારી રાખીને સ્વર્ગને દ્વારે પહોંચાડવાની વાતો ચાલવા લાગી. આ બાબતમાં એક લાખ રૂપીઆ ખરચવાનું નક્કી થયું. મારા બાપુ મારી બાને પૂછ્યા વગર કાંઇ પણ અગત્યનું કામ કરતા નહોતા. મંદિરોના નકશાઓ તૈયાર થવા માંડ્યા, અને મીસ્ત્રીઓ ઘરે આવવા માંડ્યા. આ અરસામાં વનિતાવિશ્રામના સેક્રેટરીનો એક પત્ર મારી બા ઉપર આવ્યો. તેમાં લખેલું હતું, કે 'વનિતાઓની સંખ્યા વધી જવાને લીધે મકાનમાં વધારો કરવાની જરૂર છે, અને તેમાં આશરે એક લાખ રૂપીઆની રકમની જરૂર છે.' મારી બાએ આ ઉપરથી એક લાખ રૂપીઆ વનિતાવિશ્રામમાં મોકલી દેવાનો પોતાનો અભિપ્રાય મારા બાપુને જણાવ્યો. આથી મારા બાપુનું મ્હોં પડી ગયું અને ચહેરા ઉપર કાંઇક દીલગીરી છવાયેલી જણાઇ. થોડી વાર વિચાર કરીને મારા બાપુએ પોતાનો હાથ મારી બાના માથા ઉપર મૂકીને કહ્યું, "ભલે, ગિરજા, જો વનિતાવિશ્રામમાં મદદ આપવાથી પ્રભુની સેવા ઉત્તમ રીતે થતી હોય તો તે પૈસા ત્યાં મોકલાવો."

મારાં લગ્ન પછી ત્રણ ચાર વરસે મારા દાદા અને દાદી દેશમાં મરણ પામ્યાં. ન્યાતને લાગ્યું કે લગ્ન વખતે ગિરજાપતિએ તદ્દન નાગાઇ કરી હતી. ગિરજા આપણી આડે આવી હતી. હવે શું કરે છે તે જોઇએ. દેશમાં અને શહેરમાં ન્યાત જમાડવી જોઇએ, બ્રાહ્મણોની ચોરાશી ત્રણચાર દિવસ કરવી જોઇએ, અને સારાં લ્હાણાં કરવાં જોઇએ. કોઇએ જર્મનસિલ્વરનો પેચદાર ઢાંકણાવાળો કળશ્યો, તો કોઇએ જર્મનસિલ્વરની થાળી, વાટકો અને સાદો કળશ્યો, કોઇએ કાંક તો કોઇએ કાંક એ પ્રમાણે કરેલું છે. હવે લાગમાં આવ્યો છે તો તેને સંભાળશો. ગિરજાપતિ છે ભાઇ, એમ કહી મારા બાપુની મશ્કરી કરતા. કેટલેક ઠેકાણે તો બાઇડીના ગુલામ, ગિરજા ઉપરથી મારા બાપુનું નામ ગિરજાપતિ દેવાતું. ન્યાત હવે બરોબર સજ્જ થઇ હતી. મારા બાપુના મનમાં પણ એમ હતું કે હવે ન્યાતને કાંઇક શાંત રાખીએ તો ઠીક. ન્યાતમાં સૌ સાથે કડવાશ કરી છે, માટે હવે મીઠાશ લેવી જોઇએ. ન્યાતના ચારપાંચ પટેલીયાએ વગર બોલાવ્યે મારા બાપુ પાસે આવવા માંડયું, અને શું શું કરવાનું છે તેની યાદી કરાવવા માંડી. બહુ સારી રકમનો ખરચ કરાવવાનો નિશ્ચય કર્યો. કોઇ સ્વર્ગનો દરવાજો ખોલાવવો હતો. માબાપના આત્માને સ્વર્ગમાં શાંતિ પમાડવાની યોજનાઓ આ પ્રમાણે ચાલી રહી હતી. મારા બાપુ આ વાત મારી બાને કરતા

નહોતા. બધી વાતનો વિચાર નક્કી થયા પછી મારા બાપુએ આ વાત મારી બા પાસે મૂકી. મારી બાએ માથું નમાવી કહ્યું, "જેવી પ્રાણનાથની ઇચ્છા." એટલામાં ટપાલવાળો એક કાગળ લાવ્યો તેમાં લખ્યું હતું, કે 'ક્ષયનાં દરદીને રાખવાની તેમજ તેની માવજત કરવાની એક સંસ્થામાં મોટી રકમની મદદની જરૂર છે, નહીં તો તેમાં તેવાં દરદીઓને મળતો લાભ બંધ થશે; એટલુંજ નહીં પણ તે સંસ્થાજ બંધ થવાના ભયમાં છે.' આ પત્ર મારા બાપુએ મારી બાને વાંચી દેખાડયો. મારી બા બહુ નરમાશથી બોલ્યાં, "બોલો, ભોળા ગિરજાપતિ, શું કરવું છે? પૂજ્ય માબાપને સ્વર્ગમાં કેવી રીતે સુખી કરવાં છે? નિરાધાર, દુઃખી, ગરીબ અને રીબાતાં ભાઇબહેનોની સેવા કરીને, કે બીજાંઓનું ખાવાને તલપી રહેલાં સગાંવ્હાલાં અને ન્યાતીલાઓનાં ભરેલાં ઉદર ભરીને?" મારા બાપુ મુંઝાણા. આવી મુંઝવણમાં કોઇ પણ દિવસ તેઓ આવ્યા નહોતા. આંખમાં આંસુ આવ્યાં હતાં, ઘણી વાર સુધી સ્થિર બેસી રહ્યા, અને ચહેરો ચિંતાતુર થતો જણાયો. પછી તે ચહેરા ઉપર પ્રકાશ પથરાતો દેખાણો. મારા બાપુનું ભાવિક અને દયાર્દ્ર હૃદય ક્ષયના દરદીના દરદનું સંપૂર્ણ દર્શન કરી ચૂક્યું, અને દુઃખી થયું હતું. વળી ગિરજાદેવીએ સીધોજ સવાલ પૂછ્યો હતો. બીજી બાજુએ ન્યાતીલાઓ મુંઝવતા હતા, હેરાન કરતા હતા, જુલમ કરતા હતા, અને છચોક લૂટવાના પ્રયત્ન ચાલી રહ્યા હતા. મારા બાપુની આવી સ્થિતિ જોઇ મારી બાએ કહ્યું, "કાંઇ નહીં, આપ નિરાંતે વિચાર કરશો. હાલ તુરત તો તેના સેક્રેટરીને લખો કે પ્રભુ સર્વ સારૂં કરશે, અને તાર કરીને પણ ખબર આપો કે યોગ્ય ચાલુ ખરચ ચાલુ રાખશો." છેલ્લા શબ્દો બોલતાં મારી બાની આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. તેનો આત્મા દુભાતો હતો, તેનો ચહેરો ફીકો પડી ગયો હતો, મન વ્યાકુળ થઇ ગયું હતું, તેનું ચિત્ત ક્ષયનાં દરદીની સંસ્થા તરફ ભટકતું હતું, તેનો ચહેરો વિચારવંત બની ગયો હતો, અને પાંચ છ મિનિટ સુધી તો આસપાસની સ્થિતિનું તેને કશું પણ ભાન રહ્યું નહોતું. મારા બાપુએ ઉઠીને ગિરજાનું માથું પોતાની છાતીમાં દાબ્યું અને કહ્યું, "મારા જીવનનાં નેતા! મારી સર્વ લક્ષ્મી તારી છે, અને હું માત્ર માન મેળવનાર છું. તેનો સદુપયોગ તારા પવિત્ર વિચારોને આધીન છે." પરિણામે એક મોટી રકમ દવાખાનામાં મોકલવામાં આવી, અને ન્યાત તો હવે ખૂબ છેડાઇ. મારા બાપુને એકાદ મહિના સુધી તો બહાર જવું બહુ ભારે પડયું; અને મારી બા ઉપર તો ગાળોનો વરસાદ ચોમેરથી વરસવા લાગ્યો. ગમે તેવા સંકટ અને દબાણમાં આવેલા મારા બાપુના મનને શાંત કરવાને ગિરજાદેવીનો પ્રેમાળ હાથ બસ હતો.

મારા બાપુને હવે વિશેષ જોર આવ્યું, અને ન્યાત વગેરેના ખરચો નકામા છે એમ છચોક બોલવા માંડયું. ગિરજાદેવીના શબ્દો—"ઇશ્વરે આપણને લક્ષ્મી આપી છે તે ઇશ્વરની સેવા કરવાનેજ, અને નહીં કે આપણા સ્વચ્છંદી વિચારો પ્રમાણે તેનો ગેરઉપયોગ કરવાને આપી છે. જો તમો તેનો ગેરઉપયોગ કરશો તો તે ભગવાન તો લક્ષ્મીનો સદુપયોગ કરવાને બીજો સેવક નીમશે. લક્ષ્મીના ગેરઉપયોગની સારામાં સારી શિક્ષા તેનો ગેરઉપયોગ કરનારને તેના અભાવનો પૂરો ખયાલ આપવો તેજ છે. પ્રાણનાથ, પ્રભુનો પૈસો તેની પવિત્ર હાજરીમાં, તેની પવિત્ર આજ્ઞાથી વાપરવો એ આપણી—પ્રભુના સેવકોની—ફરજ છે." આ શબ્દો મોહનલાલના હૃદયમાં કોતરાઇ ગયા હતા. મારા બાપુની ઇચ્છા કેટલીક વખતે ગિરજાને જરા સમજાવી લઇને ન્યાતને જરા ખુશી કરવાની થતી, પણ ઉપલા શબ્દો તેના કાનમાં વારંવાર સંભળાતા હતા, અને છેવટે ન્યાતના સ્વચ્છંદ વિચારોથી દોરવાઇને પ્રભુના સુપ્રત કરેલા પૈસાનો ખોટો ઉપયોગ નહીં કરવાને તેનું હૃદય મજબૂત થયું. પોતાનાં માબાપના પૂણ્યાર્થે પાંચ લાખ રૂપીઆની રકમ તે ક્ષયની

ઇસ્પિતાલને મોકલવાનું અને તેનું નામ પોતાનાં માબાપના નામ ઉપરથી ઓળખાય એવી રીતે કરવાના નિશ્ચય ઉપર વાત આવી. પાંચ લાખ રૂપીઆ જેટલી મોટી રકમ ન્યાત બહાર આપી દેવાથી ન્યાતને ગિરજા અને ગિરજાપતિ તરફ બહુજ તિરસ્કાર થયો, અને ન્યાત બહાર મૂકવાની પણ વાતો ચાલી રહી. તેઓને સોનાપુર ભેગા કોણ કરશે તે જોશું, વગેરે ગોળાઓ આ ભગવતી જોડા તરફ ફેંકવામાં આવતા. ધણીધણીઆણી આ સર્વે નિરાંતે સાંભળતાં. હવે તો હું મોટી હતી તેથી મને પણ તેમાં આનંદ આવવા લાગ્યો. મારી બાના મનમાં તો એટલી ઉંડી છાપ પડી હતી કે યાત્રા કરવાને જે પ્રોગ્રામ નક્કી કર્યું હતું તે હવે રદ કરીને આવા દરદીની ઇસ્પિતાલમાં દર વરસે એક એક મહિનો રહીને દરદીની સેવા કરવી, તેઓને આશ્વાસન આપવું, અને તેઓનાં નિરાધાર બાલકોનાં આંસુ લુંછવાં, એમ પ્રોગ્રામ ઘડાયું. મારા બાપુએ બહુ ખુશીથી રજા આપી. મારી બાએ આ તેની દરદી–સેવાની યાત્રા ચાલુ કરી. તેના દુબળા શરીર વાસ્તે આ સેવા બહુ કઠણ હતી. વજ્ર જેવા આત્માના અડગ જુસ્સા સામે તે અબળા શરીર ભાંગું ભાંગું થઇ રહ્યું હતું. મારી બા ઉપર ધમાલ તો હવે બહુ જોરથી ચાલવા લાગી. ન્યાત જાતમાં તો આડે આવે છે, પણ ધર્મમાં પણ આડે આવે છે. મોહનલાલભાઇ તો બાઇડીના ગુલામ થઇ ગયા લાગે છે. કાંઇ આડુંઅવળું હશે તો વનિતાવિશ્રામના સેક્રેટરીઓ આવીને ઉભા રહેવાના નથી, એ તો ન્યાત જાતના આવીને ઉભા રહેશે, વગેરે વાતો ચાલી. જ્યાં જોઇએ ત્યાં એજ વાત. ગિરજાદેવીના ભગત ચુસ્ત હતા. કોઇનું ત્યાં ચાલતું નહોતું.

અતિશય શ્રમથી મારી બાની તબિયત દિવસે દિવસે બગડવા માંડી, અને તેનું શરીર પડ્યું. મરતાં પહેલાં ધર્મ-દાન કરવાને મારા બાપુએ તેમની મરજીમાં આવે તે પ્રમાણે ખરચવાને ઇચ્છા દેખાડી. મારી બાએ એક પત્રમાં પોતાની સર્વે ઇચ્છા મારી પાસે લખાવીને પરબીડીયામાં બીડીને રખાવી મૂકી હતી તે મારા બાપુના હાથમાં મૂકી. મારા બાપુએ તે ચીઠ્ઠી ફોડીને વાંચવાનું શરૂ કર્યું.

“ પ્રિય પ્રાણનાથ, જીવ અમર છે, અને શરીર ક્ષણભંગુર છે, માટે મરણ બાબત ચિંતા કરવી વ્યર્થ છે. આપણી વ્હાલી બેટી રમાને મેં સારી કેળવણી આપી છે એટલે મારે તેને વારસામાં હવે કાંઇ આપવાનું નથી. મારી પછવાડે તમે પ્રેમ–ગાંડા થઇ અયોગ ખર્ચ કરી નાંખશો એમ મને ધાસ્તી રહે છે, તો પ્રાણનાથ, ભલે તેમ કરશો; પણ મારી ખાસ ઇચ્છા મારાં સર્વે ઘરેણાં અને લુગડાં વેચી નાંખીને તેના જે પૈસા આવે તે પતીઆના આશ્રમમાં મોકલી દેવાની છે તો તેમ કરવા મારી વિનંતિ છે. આપણી કોમની દીકરીઓને શીખવાને થોડીઘણી નિશાળો તો હવે થઇ છે પણ મારી મરજી બોર્ડિંગો કરવાની છે, માટે મારી પાછળ મારા પૂણ્યાર્થે કાંઇ પણ ખરચ ન કરતાં ત્રણ, ચાર કે પાંચ લાખ રૂપીઆ બોર્ડિંગો સ્થાપવામાં વાપરવા કૃપા કરશો. મારા દહાડામાં જે રકમ ખરચવા આપે ધારી હોય તે બધી રકમ આંધળાં, લુલાં, લંગડાં, અને અશકત માણસોને જમાડવામાં વાપરવાની કૃપા કરશો. તમારા દરેક શુભ કામમાં મને યાદ કરી ઉપકૃત કરશો. દેહથી છૂટી થયેલી આ આપની દાસી આપના આત્માની વધારે નજદીક રહી આપની સેવા બજાવશે. મારી ખાસ વિનંતિ એ છે, કે આપણી ન્યાતમાં વિધવાની સંખ્યા વધારે છે, અને તેમાં પાંચ છ વરસની ઉમરની વિધવાઓ પણ છે, એમ મેં જાણ્યું છે. અભણ, લોભી, અને વિચાર વગરનાં માબાપનાં દુષ્ટ કૃત્યોનું ફળ એજ છે કે તેઓની ન્હાની પાંચ વરસની ઉમરે વિધવા થયેલી કુમારિકાઓને વૈધવ્યપણાનું દુઃખ આખી જીંદગી સુધી ભોગવવાનું છે. આ બાબતમાં મને બહુજ અન્યાય લાગે છે. આવાં દુષ્ટ કૃત્ય અને સ્થિતિ કેમ અટકાવવાં એ બાબતના

વિચારો છેલ્લાં દસ વરસ થયાં મારા હૃદયમાં રમી રહ્યા હતા. મોત પણ તે વિચારોથી દૂર કરી શકે તેમ નથી. વિધવાઓના આશ્રમ વિશેના મારા વિચાર વારંવાર મેં તમો પ્રાણનાથને દર્શાવ્યા છે. સમાજ હજી પછાત છે, અજ્ઞાન છે, બેવકુફ છે, અને એજ વિચારથી આપણે પ્રભુના કામમાં પાછળ પડીએ છીએ. પ્રભુ–પ્રેમ સાચી સમાજ–સેવા કોઇ પણ મુશ્કેલીમાં કરવામાં છે, માટે સ્વર્ગે કે નર્કે જ્યાં જવાનું હશે ત્યાં હું રીબાઇ રીબાઇને પશુની તુલ્યે મરેલી વિધવાના એક વખતે દુઃખી પણ હવે કદાચ શાંતિ પામેલા આત્માઓને જગાડીશ, અને તેઓની સહકારીતાથી હિંદમાં રીબાતી વિધવાનાં રૂદનનો પોકાર પ્રભુના દ્વારમાં પહોંચાડીશ. મરણ બાદ હવે હું શરીરે મુકત હોઇ મને ન્યાતિ કે જાતિનું બંધન રહેશે નહીં. વિધવા આશ્રમ ખોલો, કારણકે એની તરફના તમારા ઘાતકીપણાથી હિંદ ભૂમિ ઉપર શ્રાપ ફેલાયલો છે. પશુઓ વાસ્તે પાંજરાપોળ, પતીઆં વાસ્તે પતીઆ શાળા, અને વિધવાઓ જેઓ તદન નિરાધાર છે, અને જેઓને ઘાતકી સાસુ તથા નણંદ વગેરેની દયાએ જીવવાનું છે, અને જેઓ એક વખત પોતાના ઘરમાં રાણી કહેવાતી હતી તેઓને ઉભા રહેવાનો માર્ગ તો નહિ, પણ ઇશ્વરે આપેલી બહોળી જગ્યામાંથી એક ગજ ભર જમીનનો ટુકડો પણ મળતો નથી, અને જેના શ્રાપે હિંદમાતા વિધવા બની છે, તે વિધવાઓના આધાર માટે મકાનો કરો, કે જ્યાં તેઓ પોતાની જીંદગી પૂરી કરે. તેઓનું ધ્યાન ધર્મશાસ્ત્રો અને સેવા વગેરે તરફ દોરો, કે જેથી તેઓને તેઓના વૈધવ્યપણાનો ભાર લાગે નહીં. તેઓનાં હૃદયના આશિર્વાદ લ્યો, કે જેથી સમાજનાં પાપો ધોવાઇ જશે, અને તેઓનાં દુઃખી હૃદયો તેવાં આશ્રમોમાં સંતુષ્ટ થઇને દુઃખીની સેવામાં તત્પર રહેશે. ખરા હૃદયથી સેવા કરશે, પ્રભુ ખુશી થશે, અને હિંદમાતા વિધવાના શ્રાપથી મુક્ત થશે. એજ પુત્ર પુત્રી વગરની માતાઓ હિંદનાં માબાપ વગરનાં પુત્ર પુત્રીઓની ભગિની અને માતા થશે, અને તેઓના હાથથી તેઓનાં દુઃખ ઓછાં કરશે. માટે હે પ્રાણનાથ, તમારી ગિરજાની મરતી વખતની માગણી વિધવા બહેનના સાચા ભાઇ થવાની છે. ઇશ્વર તમને સારી મતિ આપે. મારો આત્મા વિધવા આશ્રમમાં જઇને આશ્રય લેવાનો છે, માટે જ્યાં સુધી આવું એક પણ આશ્રમ મારા શહેર કે ગામમાં થશે નહીં ત્યાં સુધી તે આત્મા શાંતિ પામશે નહીં. રીબાતી વિધવાના આશ્રમ વાસ્તે આ આત્મા ઘેરેઘર ભટકશે. પ્રાણનાથ, ક્ષમા કરશો. પ્રભુ મને બોલાવે છે. હું તમારી છું. મારો આત્મા તમારી વધારે ને વધારે નજદીક રહેશે. વિધવા આશ્રમનું યાદ રાખશો."

આ પત્ર મારા બાપુ વાંચી રહ્યા ત્યાં તો મારી માના પ્રાણ ચાલ્યા ગયા. આ વખતે હું અને મારા બાપુ બેજ હાજર હતાં. અમારી દીલગીરીનો છેડો રહ્યો નહીં. મારા બાપુને ગિરજાદેવી જેવો પ્રાણ અને મને ગિરજામાતા જેવું હૃદય તે કયાં મળશે? હું મારા બાપુ સામું અને મારા બાપુ મારી સામું જોઇ રહ્યાં. થોડી વારે અમે છેક સ્તબ્ધ થઇ રહ્યાં. ગિરજામાતાના ચહેરા તરફ થોડી વાર અમોએ ટગર ટગર જોયા કર્યું. તેણીનો ચહેરો ગુલાબી બનતો ગયો, અને તે અમારી તરફ હસતો હોય એમ લાગ્યું. અમે બેઉ જણાં દૈવી આત્માના જગતસેવા તરીકે વાપરેલ સ્થૂળ શરીરને પગે પડ્યાં. અમારી ઉપરથી કાંઇ ચમત્કારી અસર પસાર થઇ ગઇ. અમે અમારી દીલગીરી ભૂલી ગયાં અને ગિરજા કયાં મરી ગઇ છે એમ હૃદયમાં ભાવ થઇ ગયો, અને આત્મામાં કાંઇ આનંદ વસવા માંડ્યો.

મારી માની ઉત્તરક્રિયા શાસ્ત્ર પ્રમાણે અને યોગ્ય રીતિએ મારા બાપુએ કરી. અમને એમ

લાગતું હતું કે ન્યાત અને સગાંવ્હાલાંની અમારી ઉપર ધમાલ મચશે, જુલમનો પાર રહેશે નહીં, અને મારા બાપુને હવે તેના સંકટમાં કોણ દિલાસો આપશે ? તેની ગિરજાદેવી તો ચાલી ગઇ છે. પણ ન્યાતિલાના વલણમાં કાંઇ ફેરફાર થવા લાગ્યો હતો. દહાડાની રાહ જોઇ હતી, પણ કાંઇ મોટો ખરચ ન કરવામાં આવ્યો તે વિશે કાંઇ પણ ગંભીર ચર્ચા થઇ નહીં. થોડા દિવસ વિત્યા બાદ કેટલાકે મારા બાપુ પાસે આવી તેની હિંમત અને સાહસ વાસ્તે તેને મુબારકબાદી આપી, અને મારા બાપુનાં વખાણ કરવા માંડ્યાં. વખત જતાં ન્યાતિલા વધારે ને વધારે સ્નેહ અને માનથી મારા બાપુ સાથે વર્તવા માંડ્યા. મારી બા અને બાપુનાં સર્વે પાછલાં કૃત્યો હવે તેના સાચા અજવાળામાં અને હેતુપૂર્વક જોવામાં આવતાં લાગ્યાં. મારા બાપુએ હિંમત રાખીને મારી માનો છેલ્લો સંદેશો ન્યાતમાં વંચાવવાને તેની હજારો નકલ છપાવીને પ્રસિદ્ધ કર્યો. તે સંદેશાની કાંઇ વિચિત્ર અસર થઇ. મારા બાપુને બહુજ હિંમત આવવા લાગી. તેના મનમાં ન્યાતિલાઓ વિધવા આશ્રમનો ઉપયોગ કરશે કે નહીં એ વિશે જે શંકા રહેતી, તે દૂર થઇ.

શારદા માશી જ્યારે કલકત્તે ગયાં ત્યારે તેના બંગલાનો કેટલોક સામાન મારી બાએ વેચાતો લીધો હતો. મારી બા અને શારદા દેવીએ જે ઓરડામાં બેસીને તેઓનો ઘણો વખત ગાળેલ તે ઓરડાની સર્વે ચીજ લઇને અમારા ઘરમાં એક ઓરડામાં તેજ રીતે ગોઠવીને શારદા માશીનું એક મોટું પેઇન્ટીંગ મારી બાએ તે ઓરડામાં મૂક્યું હતું. આ ઓરડો મારી બા પૂજાના ઓરડાની માફક પવિત્ર ગણતાં. તે ઓરડામાં મારા બાપુએ ગિરજાદેવીનું એક પેઇન્ટીંગ મૂકાવ્યું. આ ઓરડો હવે અમને ગિરજાદેવીનું મંદિર થયું. મારા બાપુ અને હું હવે તેજ ઓરડામાં પૂજા કરતાં. અને ગિરજા અમારી સાથે છે, તેવું અમને હમેશ લાગતું.

મારી બાના મરણ પછી છ મહિને મારા બાપુએ દસ લાખ રૂપીઆની રકમ 'ગિરજા વિધવા આશ્રમ' વાસ્તે ન્યાતને જાહેર કરી. તેની દેખરેખ વાસ્તે પોતે એક કમિટી નીમી અને તેનું બાંધકામ વગેરે શરૂ કરવામાં આવ્યું. મારી બાની વરશીને દિવસે તે ખુલ્લું મૂકવામાં આવ્યું. તે ખુલ્લું મૂકવાની ક્રિયા ગવર્નર સાહેબ અથવા તો કોઇ મોટા અમલદારના હાથથી કરાવવી એ બાબતમાં મારા બાપુને ઘણાઓ તરફથી ભલામણ અને દબાણ કરવામાં આવ્યાં હતાં, પણ મારા બાપુએ તેમ કરવાને ચોકખી ના પાડી, અને કહ્યું, "જે પવિત્ર મહાઆત્માની પ્રેરણાથી તે હયાતીમાં આવ્યું છે તેજ પવિત્ર, દયાળુ અને શુદ્ધ આત્મા તે સેવા—મંદિર ખોલી તેનો આશિર્વાદ આપશે."

તે આશ્રમ ખોલ્યાને આજે પાંચ છ વરસ થયાં છે. મારા બાપુ વરસમાં બે ત્રણ વખત ત્યાં જઇને પંદર વીશ દિવસ રહે છે. હું પણ ત્યાં જાઉં છું. મારા બાપુએ હવે સર્વે કામકાજ છોડી દઇને મારા પ્રાણનાથને સોંપી દીધું છે. મને પણ એક બાલક ઈશ્વિરે આપ્યું છે. અમે પ્રેમ અને સેવામાં દિવસ ગુજારીએ છીએ. કોઇ વખતે મારી બા મને પંપાળતી હોય એવો મને ભાસ થાય છે. અમારા ઘરમાં કોઇ મોટા મહાત્માએ પધારી અમારૂં ઘર પવિત્ર કર્યું હોય એમ અમને તે આત્માની અસરવાળા વાતાવરણ ઉપરથી લાગે છે.

"રમા."

# જ્યોત્સ્ના.

( લેખક રા. હીરાલાલ રણછોડદાસ )

( ગતાંક પૃષ્ટ ૮૭ થી ચાલુ. )

સાધારણમાં સાધારણ સ્થિતિના સભ્ય માનવ સમાજનો એક એવો નિયમ હોય છે કે, લગ્ન-સમારંભ, વ્યાખ્યાન સમારંભ, નાચપાર્ટી, ટીપાર્ટી આદિમાં નિમંત્રણ મળ્યા વિના ન જવું અને જો કોઇ એ રૂઢિનું ઉલ્લંઘન કરીને એવા સમારંભ તથા એવી પાર્ટીઓમાં 'માન ય ન માને; મગર મર્યઁ તો તેરા મહેમાન !' એ બળાત્કારના નિયમથી નિમંત્રણની વાટ ન જોતાં વગર બોલાવે જ હાજર થઇ જાય છે, તો તે મનુષ્યની એ કૃતિ સભ્ય માનવ-સમાજમાં અસભ્યતામય મનાય છે, એટલુંજ નહિ પણ સભ્ય સમાજના મેમ્બરો તે મનુષ્યને તિરસ્કારની દૃષ્ટિથીજ જુએ છે. પરંતુ નવલકથાકારોને આવા કોઇ સમારંભમાં અથવા આવી કોઇ ખાનગીથી પણ ખાનગી પાર્ટીઓમાં નિમંત્રણ, આમંત્રણ, નોતરા, તેડા કે ઇન્વિટેશન્ વિના પોતાની હાજરી ન આપવાનો નિયમ લાગુ પડતો નથી. તો પછી માથેરાનમાં શંભુલાલ શેઠના બંગલામાં તેમના લગ્ન પ્રસંગે નિમંત્રણ વિનાજ પ્રવેશ કરવો અને ત્યાંની વિવિધ ઘટનાઓનું અવલોકન કરવા પ્રયત્ન કરવો એ એક સાધારણ કાર્યજ કહી શકાય. શંભુલાલના 'વિલા' માં પ્રવેશ કરીને ત્યાંના લગ્નસમારંભજન્ય આનન્દોત્સવ, નાચપાર્ટી તેમજ અન્ય ઘટનાઓનું અવલોકન કરવા પૂર્વે માથેરાન નામક પાર્વાત્ય પ્રદેશનો કાંઇક સંક્ષિપ્ત વૃત્તાન્ત આપવાની જરૂર છે; કારણકે, સર્વ સાધારણ પાઠકો અને પાઠિકાઓ માથેરાન નામના આ રમણીય સ્થાનથી સંપૂર્ણ પરિચિત ન હોય એમ બનવું એ એક સ્વાભાવિક બાબત છે અને તેથીજ અત્રે તેનું કિંચિત્ વૃત્તાન્ત આપવું યોગ્ય ધાર્યું છે.

ગિરિશિખરપરનું એ માથેરાન નામક હવા ખાવાનું સ્થાન કોંકણ પ્રાંતના કુલાબા જીલ્લામાં સમુદ્રની સપાટીથી ૨,૬૭૮ ફીટની ઉંચાઇ પર આવેલું છે. જી. આઇ. પી. રેલ્વેના મુંબઇ-પૂના બ્રાન્ચ પરના નેરળ સ્ટેશનથી માથેરાન સાત માઇલના અંતર પર છે અને અત્યારે હવે ત્યાં જવા માટે સ્ટીમ ટ્રામ્વે કંપનીએ નેરળથી તેર માઇલ લંબાઇનો રસ્તો કરેલો છે, અને

---

* ગતાંકના પૃષ્ટ ૮૪ થી ૮૭ માં પ્રકટ થયેલાં આ વાર્તાના લખાણમાં કેટલાક અશુદ્ધ શબ્દો છાપાના ભૂતના પ્રતાપે રહી જવાથી અને તે ગેરસમજ થાય તેવા હોવાથી, અમારા લેખકની સુચનાનુસાર નીચેના શુદ્ધિપત્ર પ્રત્યે અમો વાંચકોનું લક્ષ ખેંચીએ છીએ.

અધિપતિ સ્ત્રી સુ. દ.

| અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|
| As quitte & Lord | Asquith & Lord |
| cuntry | country |
| Mr. Sambhulal Chaganlal | Mr. Sambhulal Chandulal |
| renorned | renowned |
| hatch-party | natch-party |
| ડેકલેરેશન્ | ડેકોરેશન્ |
| અફગન | આળસુ |

તેથી એ સ્ટીમ ટ્રામ્વેમાં માથેરાન જવા માટેની આગળ કરતાં ઘણીજ સારી સગવડ થઇ પડી છે. ચોમાસાના ચારે મહિના એ સ્ટીમ ટ્રામ્વે બંધ રહે છે અને બાકીના આઠ મહિના સુધી દરરોજ નેરળથી બે ટ્રામ માથેરાન જાય છે અને બે ટ્રામ માથેરાનથી નેરળ આવે છે. ટ્રામનો એ રસ્તો પાસેનાં નાનાં મોટા ચઢાણો તથા ટેકરીઓ પર થઇને ગયેલો છે અને માથેરાનના પર્વત પર અનેક સ્થળે વાંક લેતો ઠેઠ શિખરભાગમાં પહોંચ્યો છે. ટ્રામમાં બેસીને જતાં એક બાજુએ પર્વત અને બીજી બાજુએ ઉંડી ખીણ દષ્ટિગોચર થાય છે અને તેથી પ્રવાસી પ્રેક્ષકોને કાંઇક ભય પણ લાગે છે; પરંતુ અંતે શિખરભાગમાં પહોંચી ગયા પછી ત્યાંના ઘનવૃક્ષરાજીવાળા રમણીય ગિરિપ્રદેશને જોઇને હૃદયમાં એક પ્રકારના સ્વાભાવિક આનંદનો ઉદ્‌ભવ થવાથી તે ભયનું વિસ્મરણ થઇ જાય છે. મહાબળેશ્વરના શિખર વિસ્તાર સાથે સરખાવતાં માથેરાનના શિખરનો વિસ્તાર બહુ ઓછો છે, છતાં પણ એકંદર રીતે જોતાં મહાબળેશ્વરથી બીજે નંબરે માથેરાન આવે તેમ છે અને શીતલતાના ઉપભોગ માટેનું મુંબઇથી નજદીકમાં આવેલું એ એક અત્યંત ઉત્તમ સ્થાન છે.

જે વેળાયે માથેરાન જવા માટે નેરળ સ્ટેશનથી સ્ટીમ ટ્રામ્વેની વ્યવસ્થા નહોતી, તે વેળાયે નેરળ સ્ટેશનથી ટટ્ટુ, પાલખી, જિનરક્ષા અને માચી ઇત્યાદિ વાહનોની સહાયતાથી લોકો ત્યાં જતા હતા અને અત્યારે પણ ચોમાસામાં સ્ટીમ ટ્રામના અભાવના સમયમાં એ સાધનોદ્વારા જ ત્યાં જઇ શકાય છે. આ કારણથી ચોમાસામાં એ સર્વ સાધનો પણ નેરળ સ્ટેશન પર તૈયાર રહે છે. માત્ર એ સાધનોના ઉપયોગમાં પૈસા વધારે ખર્ચવા પડે છે.

માથેરાન ગામ સ્ટેશનથી વધારે દૂર નથી, તથાપિ સમસ્ત ગિરિશિખર પર મુંબઇના મોટા મોટા ધનાઢ્ય નેટિવોના તથા યુરોપીયન લોકોના બંગલા થોડા થોડા અંતર પર વૃક્ષરાજીમાં સર્વત્ર પ્રસરેલા છે. મહાબળેશ્વર પ્રમાણે આ સ્થાનમાં પણ મુંબઇ તથા અન્ય સ્થાનના લોકો આઠ મહિના હવા ખાવા માટે આવે છે અને તેમાં ઉનાળાની સીજનમાં એટલે કે મે અને જૂન માસમાં તો એ સ્થાન દેશી અને પરદેશીઓ વડે ઉભરાઇ જતું દેખાય છે. સ્ટેશનથી અલ્પ અંતર પર બજાર છે અને બજારની પાસેજ એક રામમંદિર છે. એ રામમંદિરમાંની શ્રીરામચંદ્ર, લક્ષ્મણ, તથા સીતા દેવીની મૂર્તિઓ અત્યંત સુંદર તથા પ્રેક્ષણીય છે. બજારથી વાયવ્ય કોણમાં લગભગ બે કે અઢી માઇલ પર 'મેલેટસ્પ્રિંગ' નામક પાણીનો પ્રખ્યાત ઝરો છે અને એ ઝરાનું પાણી ઘણુંજ સારૂં તથા ગુણકારક હોવાથી માથેરાનમાં પીવા માટે બહુધા એ ઝરાના પાણીનોજ ઉપયોગ કરવામાં આવે છે; અને બજારથી દક્ષિણે લગભગ સવા માઇલ પર એક મોટું તળાવ બાંધવામાં આવ્યું છે, તે તળાવના પાણીનો બીજા કામોમાં વપરાશ થાય છે. માથેરાનના શિખરનો ઘેરાવો મોટો ન હોવાથી ત્યાંની સડકો પણ તેટલા પ્રમાણમાં સાંકડી છે અને તેથી ત્યાં ઘોડાગાડી તથા બળદગાડીનો ઉપયોગ કરવા દેવામાં આવતો નથી. માત્ર બાઇસિકલ તથા માણસવડે ખેંચાતી જીનરક્ષા નામની જાપાની પદ્ધતિની હાથગાડીઓનો ઉપયોગ કરવાની છુટ છે. ત્યાંની સર્વ પ્રકારની વ્યવસ્થાનો અધિકાર સુપરિન્ટેન્ડેન્ટના હાથમાં રહેલો છે એટલે તેની ઓફીસ ત્યાં કાયમ રહે છે; છતાં સુપરિન્ટેન્ડેન્ટની ઑફીસ ઉપરાંત ત્યાં પોલીસ સ્ટેશન, હોસ્પિટલ, પી. ડબ્લ્યુ ખાતાનો સ્ટોર, ઇંગ્લિશ ચર્ચ, અંગ્રેજોનું કબ્રસ્તાન, જિમખાનું, રેસકોર્સ, લાયબ્રેરી ઇત્યાદિ પણ છે અને ઉનાળામાં કુલાબા જીલ્લાના કલેક્ટર સાહેબનું મુકામ પણ માથેરાનમાં રહેતો હોવાથી તે વેળાયે કલેક્ટર સાહેબની જૂદી જૂદી ઓફિસો પણ ત્યાં આવે છે અને એથી એક પ્રકારે માથેરાનની સર્વ પ્રકારની વ્યવસ્થા બહુજ સારી રહી શકે છે. ગિરિશિખરના અંતિમ ભાગોમાં ભ્રમણ કરીને વાયુસેવન કરવા માટેનાં અને ઉંચી ટેક-

રીઓ પર ઉભા રહીને ત્યાંની સ્વાભાવિક મનોહર શોભાનું અવલોકન કરવા માટેના સ્થળો સ્થાને સ્થાને કરવામાં આવ્યાં છે અને તે સ્થળોને અંગ્રેજી નામો આપવામાં આવ્યાં છે. એ ભિન્ન ભિન્ન સ્થળો ' પોઇન્ટ્સ ' ( Points ) ના નામથી ઓળખાય છે અને તેમનામાંના મુખ્ય ' પોઇન્ટ્સ ' આ પ્રમાણે છેઃ-' એલેક્ઝાન્ડ્રા પૉઇન્ટ્, ચોક પૉઇન્ટ્, ગ્રેટ્ ઍન્ડ્ લિટ્લ્ પેનોરમા પોઇન્ટ્સ્, ગાર્બટ્ પોઇન્ટ્, હાર્ટ્ પોઇન્ટ્, પૉર્ક્યુપાઇન્ પૉઇન્ટ્, લુઇસા પોઇન્ટ, ધ્કો પોઇન્ટ, લેન્ડસ્કેપ્ પોઇન્ટ ઇત્યાદિ. એ પોઇન્ટસપર પ્રભાતમાં અને સાયંકાળે અનેક સ્ત્રીપુરૂષો ભ્રમણ કરવા માટે જાય છે; કારણ કે એ ટેકરીઓપરથી દૂર પર્યન્ત દૃષ્ટિગોચર થતી કોંકણપટ્ટીની અને ટેકરીઓની શોભા અત્યંત ચિત્તાકર્ષક તથા આલ્હાદક લાગે છે અને તે એટલે સુધી કે ત્યાંથી દૃષ્ટિ દૂર કરવાની ભાગ્યેજ ઇચ્છા થાય છે. જૂન માસમાં માથેરાનની હવા શુષ્ક તથા શીતલ હોવાથી બહુજ આરોગ્યદાયક હોય છે અને સમસ્ત વાતાવરણ એટલું પ્રિય લાગે છે કે વિશુદ્ધ હૃદય ઘડીભર નિસર્ગની અદ્‌ભુત શક્તિમાં તલ્લિન બની જાય છે. માથેરાનની આસપાસ વિસ્તરેલાં ઘાટાં જંગલો, વૃક્ષો અને વૃક્ષપત્રોથી છવાયલાં પર્વત શિખરો, ત્યાંની શીતલ, શુષ્ક તથા સુગંધમયી પવનલહરી, ત્યાંના લત્તાકુંજ સમાન માર્ગો અને ત્યાંની શાંતિ તેમજ ઐકાંતિકતાના યોગે માથેરાન ભારતવર્ષમાંનું એક અત્યંત મધુર સ્થાન છે, તેના આવા માધુર્યના કારણથીજ માથેરાન નવવિવાહિત પાશ્ચાત્ય દંપતીઓના મધૂચંદ્ર (Honey moon) માટે એક પરમોત્તમ સ્થાન મનાય છે અને તેથીજ એની ' મધૂચંદ્ર ભૂમિ ' તરીકેની ખ્યાતિ સર્વથા યોગ્ય છે. આ એક પ્રશ્ન છે કે, આવા રમણીય સ્થાનમાં ગ્રીષ્મકાળમાં સર્વ સાધનસંપન્ન પુરૂષ તથા પ્રમદાઓ માત્ર હવા ખાવાના ઉદ્દેશથીજ આવે છે કે કેમ ?

કેટલાક સાધનસંપન્ન સ્ત્રીપુરૂષો માથેરાનની શુષ્ક, શીતળ તથા આરોગ્યવર્ધિની પવનલહરીઓના સેવન માટે માથેરાનમાં આવે છે; કેટલાંક રૂગણજનો ડૉકટરના ઉપદેશથી હવાફેર માટે અને ગયેલા આરોગ્યની પુનઃ પ્રાપ્તિ માટે કેટલાક સમય પર્યંત માથેરાનમાં આવી વસે છે; કેટલાંક સ્ત્રીપુરૂષો કેવળ ત્યાંની પ્રાકૃતિક શોભાના નિરિક્ષણ માટે અને એક નવીન સ્થાનને જોવાની પોતાની આતુરતાને તૃપ્ત કરવા માટેજ માથેરાનની ભૂમીને પોતાની મુલાકાતનો લાભ આપે છે અને કેટલાક લોકો ' સિઝન ' માં ત્યાં હૉટેલ, વીશી, ચહા સોડા બરફની દુકાનો તથા એવીજ બીજા પ્રકારની દુકાનો ખોલીને પાંચ પૈસા પેદા કરી જવાના લોભથી પણ માથેરાનમાં પોતાની છાવણી નાખીને પડે છે. આ સર્વ ઉદ્દેશો શુભ હોવાથી એ લોકોના શુભ ઉદ્દેશ વિષે વિશેષ કાંઇપણ બોલવાનું રહેતું નથી; પરંતુ જેવી રીતે ગુલાબમાં કાંટા હોય છે અને જ્યાં સુગન્ધ હોય છે ત્યાં દુર્ગન્ધ પણ હોય છે, એટલે કે જ્યાં ગામ હોય ત્યાં ઢેડવાડો હોવો જોઇએ. એ નિયમ સર્વમાન્ય હોવાથી માથેરાનમાં સર્વથા અશુભ ઉદ્દેશથી આવનારાં સ્ત્રીપુરૂષોની સંખ્યા પણ ઓછી હોતી નથી. કેટલાક લંપટ ધનાઢ્ય યુવકો કેવળ ત્યાં આવતી અન્ય નવોઢા તથા કુમારિકાઓના સૌન્દર્યના નિરિક્ષણથી પોતાનાં નેત્રોની સાર્થકતા કરવાના ઇરાદાથી આવે છે; તેમજ કેટલીક તરૂણી, ધનાઢ્ય અને રૂપવતી, પરંતુ અનિતીના માર્ગમાં ચઢી ગયેલી વિધવા વનિતાઓ માથેરાન જેવા ઐકાંતિક સ્થાનમાં પોતાના પ્રેમિકોને લઇને કેવળ ભોગવિલાસના યથેચ્છ અને સ્વચ્છંદ સેવન માટેજ આવતી હોય છે. કેટલાંક પારસી, યૂરોપીયન્, ઍંગ્લો ઇન્ડિયન, નેટિવક્રિશ્ચિયન્ તથા સુધરેલાં હિન્દુ કુટુમ્બોનાં યુવક યુવતીઓ પોતાના ભાવિપ્રિયત્તમ તથા ભાવિપ્રિયત્તમાઓ સાથે ' કોર્ટશિપ ' કરવા માટે પધારેલાં હોય છે; કેટલાક યૂરોપીયન, પારસી કે સુધરેલા હિન્દુ નવવિવાહિત દંપતી પરણ્યા પછી તરત ' મધૂચંદ્ર ' ના ઉપભોગ માટે માથેરાનમાં આવી લાગે છે

અને ક્વચિત્ કોઇ શંભુલાલ તથા વિમળા જેવાં પ્રેમી (?) પાત્રો લગ્નના વિધિથી એકબીજા સાથે જોડાવા માટે અને ત્યાંજ ' હનીમૂન ' કરવા માટે આવે છે, અર્થાત્ માથેરાનનાં અનેક ' વિઝિટર્સ ' ના ત્યાં આવવાના ઉદ્દેશો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. અસ્તુઃ આપણો સંબંધ માત્ર શંભુલાલ અને વિમળા તેમજ તેમના લગ્નસમારંભમાં તેમના નિમંત્રણથી પધારેલા કેટલાક અન્ય પાત્રો સાથેજ હોવાથી હવે આપણે મિસ્ટર શંભુલાલના બંગલામાં પ્રવેશ કરીને ત્યાંની કેટલીક વિલક્ષણ ઘટનાઓનુંજ અવલોકન કરીશું.

શંભુલાલનો બંગલો સ્ટેશનથી દશ મિનિટના રસ્તાપર વૃક્ષોની ઘાટી ઘટાના મધ્યભાગમાં હતો અને આસપાસના બીજા બંગલાઓ દૂરના અંતરપર આવેલા હોવાથી એકાંતનું ત્યાં એવું તો સ્વતંત્ર સામ્રાજ્ય હતું કે, બહારના ખુલ્લા ચોગાનમાં બેસીને ગમે તેવી ચેષ્ટાઓ કરવામાં આવે તો પણ ત્યાં કોઇ જોઇ શકે તેમ નહતું. બંગલાના મધ્યભાગમાં એક મોટો હૉલ હતો અને તેમાં જમીનપર કૉન્સટેન્ટીનોપલની બનાવટના બે મોટા ગાલીચા પાથરીને ચારે તરફ ભીંતની અડોઅડ ઉત્તમ કારીગરીની ખુરસીઓ તથા કોચ ઇત્યાદિ હારબંધ ગોઠવી દેવામાં આવ્યાં હતાં; કારણકે કલકત્તાવાળી મિસ ગોહેરજાનના તથા મુંબઈની મિસ સરસ્વતીના સંગીતનો જલ્સો એ હોલમાંજ થવાનો હતો. દીવાલોપર રાજા રવિવર્માનાં તેમજ કેટલાક પાશ્ચાત્ય કુશળ ચિત્રકારોનાં શ્રૃંગારિક ચિત્રો થોડા થોડા અંતરે ટાંગેલાં હતાં અને તે ચિત્રો અત્યંત સુંદર ફ્રેમોમાં મઢેલાં હોવાથી આકર્ષક લાગતાં હતાં. છતમાં હિન્કસના ચાર મોટા લેમ્પો લટકાવેલા હતા અને વચ્ચે ' અલાદીન્ ' નામક કિટસન્ લેમ્પ પણ રાખવામાં આવ્યો હતો.

એ હોલની બન્ને બાજૂએ બબ્બે વિશાળ ઓરડા હતા, એટલે એક બાજૂના બે વિશાળ ઓરડામાં શંભુલાલ, નટવરલાલ અને મિસ વિમળાનો નિવાસ હતો અને બીજી બાજૂના બે ઓરડામાં મિસ ગૌહર અને સરસ્વતીને ઉતારો આપવાની વ્યવસ્થા-કરવામાં આવી હતી. કમ્પાઉન્ડમાં એ બંગલાથી થોડા અંતરપર એક બીજો નાનો બંગલો હતો, તેમાં સર દ્વારકાદાસ, લેડી દ્વારકાદાસ, મેસર્સ જ્યોતિકાન્ત અને મોદી આદિ નિમંત્રિત અતિથિઓને ઉતરવાની ગોઠવણ કરાયેલી હતી. મિસ્ટર જોન્ જોન્સને ' જિમખાના હોટેલ ' નામક એક પારસી ગ્રહસ્થની માલિકીના અંગ્રેજી ફેશનના હોટેલમાં રહેવા તથા ખાવાપીવાની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી; કારણકે તે યૂરોપીયન હોવાથી આ સઘળા નેટિવોના મધ્યમાં એને રહી શકાય તેમ નહોતું, છતાં પણ આશ્ચર્ય તો એ હતું કે મિસ્ટર જોન્સ, નામ માત્રને માટેજ હોટેલમાં રહેતો હતો, બાકી ઘણો ખરો વખત તો તે સર દ્વારકાદાસ અને લેડી દ્વારકાદાસના સહવાસમાંજ વીતાડતો હતો.

આ પ્રમાણે શ્રી પાંચ શંભુલાલભાઇના લગ્નસમારંભની સર્વ કાંઇ વ્યવસ્થા થઇ ગઇ હતી અને લગ્નકાર્યને માત્ર ૨૪ કલાકનોજ વિલંબ હતો. આ પ્રસંગપર નોતરેલા સર્વે ગ્રહસ્થો પણ એક પછી એક આવી ગયા હતા, તેમજ શ્રી પાંચની ઓફિસમાંના ઘણા ખરા કલાર્કો પણ કામકાજને માટે આવી પહોંચ્યા હતા પણ શાન્તિપ્રસાદનું નામ ને નિશાન જણાતું નહતું, તે પરથી સહજ અનુમાન કરી શકાતું હતું કે તે ઇચ્છાપૂર્વકજ નહિ આવ્યો હોય. ઓફિસના સઘળા કલાર્કોને લગ્નના આગલા દિવસે આવવાની સૂચના કરી દેવામાં આવી હતી. અતિથીમંડળમાંની એક વ્યક્તિ આપણું ખાસ લક્ષ ખેંચતી હતી. કારણકે તે વ્યક્તિને પણ જો કે ઉતારો તો મિસ્ટર જોન્સની સાથેજ ' જિમખાના હોટેલ ' માંજ આપવામાં આવ્યો હતો છતાં તે ઘણું ખરૂં મિસ વિમળાના સહવાસમાંજ દૃષ્ટિગોચર થતો થતો. મિસ્ટર જે. ફ્રેન્કલિન્ શ્રી પાંચ શંભુલાલની ઓફિસમાં વડા અધિકારીનું સ્થાન ભોગવે છે, અને લગભગ ઓફિસના તેમજ અન્ય ખાતા-

ઓના સર્વે પરત્વેના ખાનગી કાર્યો તેમને હસ્તક થતા હોવાથી શ્રી પાંચ તેને લગભગ પોતાના વડીલ બન્ધુ સમાન માનતા હતા; કારણ કે મિસ્ટર ફ્રેન્કલિન્ પણ તેમના કહેવા પ્રમાણે ઇંગલાન્ડમાં એક ઉંચ્ચ અને ખાનદાન કુટુંબના વારસ હતા એટલે એવા એક ખાનદાન પુરૂષ સાથે માનબુદ્ધિપૂર્વક વર્તવું જરૂરી છે એમ શંભુલાલનું નિશ્ચિંત માનવું હતું. મિસ્ટર જે. ફ્રેન્કલિન એજ આપણી આ વાર્તામાંની નવીન વ્યક્તિ છે; તે એક કદાવર બાંધાનો અને સામાન્ય પુરૂષો કરતાં ઉંચ્ચાઇમાં કાંઇક વધારે પણ સુંદર આકૃતિવાળો લગભગ ૨૫–૨૬ વર્ષની ઉમરનો યુવક હતો. સંધ્યાકાળનો સમય થવા આવ્યો હોવાથી અને ડિનરટાઇમને કાંઇક વિલંબ હોવાથી મિસ્ટર ફ્રેન્કલિન્ 'ઇકો પોઇન્ટ' પર આમ તેમ ચક્કર લગાવતા દૃષ્ટિગોચર થતા હતા. (અપૂર્ણ)

# સંસાર દર્પણ અને સુશીલાની કર્મકથા.

( લેખક—મંગળાબાઇ મોતીલાલ ફકીરચંદ પ્રેમચંદ. )

( ૬ )

ચેતન રહીત થઇ હું પડી ના કંઇ સમજ મુજને પડે,
જાગ્રત થઈ શું થઇ દશા ? મારૂ હૃદયતો બહુ રડે;
નિર્દય કસાઇ ને કસાથીમાં નહિ અંતર દીસે,
જ્યાં ના હૃદય ત્યાં દેવ પુજા વ્યર્થ છે મંદિર વિષે. ૫૦
તે ભ્રષ્ટ ગોરે સાથ આવી ન્હાણવા કરી માગણી,
તને એકલી કંગાળ મુકીને ગયો ત્હારો ધણી;
હું રોષથી સામી થઇ બસ તું હરામી ચુપ થા,
ઇશ્વર તણા આ સ્થાનમાં બદદાનતી તું દૂર જા. ૫૧
યમ દમ અને સમનો નિધિ બ્રાહ્મણ ખરો તે જાણવો,
જે હૃદય પ્રભુને પુજતો તે દેવ પૂજક માનવો;
તું શું બને નિર્લજ ધાતી અધમ માનવ રાક્ષસી,
તુજ અંતરે ક્યાંથી કુડી પસુ વાસના આવી વસી. ૫૨
મારા જીવનમાં એક પણ દુષ્કૃત થયું નથી તે છતાં,
શાને પ્રભુ ? આ આફતો પડતી હશે સહસા વૃથા;
આવી ચડયો ત્યાં દેવનો દુત મુક્તિ બંધનથી થઇ,
આ ગોર નાઠો તે સમે આવી બલા ચાલી ગઇ. ૫૩
તે ભાઇ ધર્મિ અતી હતો મુખથી દિલાસો દઇ કરી,
મુજ બ્હેન છે તું ધૈર્ય ધરની ના હવે બન ગાભરી;
થઇ શાંત વાત કહે મને પ્રારંભથી તુંજ આદરી,
શું કહું પતીનો પત્ર વાંચો કથની છે મુજ દુખભરી. ૫૪
તે બંધુ સમજી સૌ ગયો છે ધન્ય તેની સન્મતી,
પતી વ્હેમની થઇ ભોગ હું ના અન્ય મારી ગતી હતી;

ઝટ ઘેર તેને લઇ ગયો મુજને દિલાસો દઇ અતી,
મમ ભાગ્યમાં સુખ ના લખ્યું ભાભી અદેખી ત્યાં હતી. ૫૫
એ ભ્રાત ભગિની સમ ગણે પણ ના ગમે તેને અરે,
સહુ લોકમાં તે બોલતી આડો સંબંધ બેઉ ધરે;
એ વાત આખા ગામમાં પ્રસરી ગઇ ધીરે ધીરે,
થતી લોક નિન્દા ભ્રાતનાં ને માહરાં અંતર ચીરે. ૫૬
પર માતને પીતા તણી પુત્રી ગણો નીજ બ્હેન છે,
પણ રૂઢી બળે ના એકઠાં તે બ્હેન ભાઈ રહી શકે;
આ પણ સમાજ વિચીત્ર છે વીચારવાનું છે ઘણું,
પછી ભ્રાતની સંમતિ લઇ શરણ ગ્રહ્યુ આશ્રમતણું. ૫૭
આશ્રમ મહિં વિશ્રામ નીરાધારને નિત્યે મળે,
ઉપકારવશ તેનાં હૃદય સ્થાપક પ્રતિ નીચાં વળે;
પણ મારા મનથી નહિ ઉદ્વેગ લવલેશે ટળે,
પતિ વિરહની પીડા થકી મુજ રાંક હાડ બહુ બળે. ૫૮
હું વખત વિચારતી આ જીન્દગી શા કામની,
મુજ કાન્તના શુદ્ધ પ્રેમ વિણ આ જીન્દગી છે નામની !
એકી ટસે જોઇ કહુ તસવીર લઇ મુજ શ્યામની,
ઠીક થાત જો હું તજાઇ હોતે જેવી સીતા રામની. ૫૯

ચાલુ

## વ્યવહારમાં સ્ત્રીઓનો હિસ્સો.

( વક્તા સૌ. શારદા બ્હેન. )

વ્યવહારમાં સ્ત્રીઓનો હિસ્સો શું છે ? તે વાત ભૂલી જવાય છે. અને સ્ત્રીઓ તો માત્ર પ્રજા ઉત્પન્ન કરવાનું સાધન, લાગણીવાળી નોકર અથવા નવરાશનું રમકડું ગણવામાં આવે છે, તેથીજ પુરૂષનું કાર્ય સફળ થતું નથી. તમે શું કરો છો, સભામાં જઇને શેનાં ભાષણ કરો છો, કયા ગહન વિષયોમાં તમારા મન રોકાયલાં છે એ સંબંધી તમારી પત્ની કે બહેનો કે માતાઓ કેવળ અજ્ઞાત હોય છે. સ્ત્રીઓ કંઇક જાણવા માગે કે માથું ઉંચું કરે તો તેને તમે દાબી દ્યો છો. સ્ત્રીઓ પણ મનુષ્ય છે એ વાત તમને યાદ રહેતી નથી એટલે તેને તો રેંહસી નાંખવામાં—કચરી નાંખવામાંજ તમે મ્હોટાઇ માનો છો. સત્તાનો મદ એવો તો વસમો છે, કે એકવાર હાથમાં આવી તે કોને છોડવી ગમે ? પુરૂષ અને સંસ્કારી સ્ત્રી સાથે મળીને કોઇ પણ બાબતનો વિચાર કરશે તો નિઃસંશય તે વધારે સારી રીતે કરી શકશે. જુદાં રહીને તેમ નહિ થાય. એક આંખવાળા મનુષ્ય કરતાં બે આંખવાળો મનુષ્ય વધારે સારી રીતે જોઇ શકશે. સ્ત્રી તરીકેનાં, તમારી સહચરી તરીકેનાં અને તમારા સંતાનોની માતા તરીકેનાં જે અમારા પોતાનાં હક્ક છે તેજ અમે માગીએ છીએ. અને તે હક્કના બદલામાં જે ફરજો અમારે અદા કરવાની છે, તેમાં પાછી પાની

કરીશું નહિ. કારણકે ચારિત્ર્યનું ખરૂં લક્ષણજ લેવડ–દેવડમાં છે અને તેની ખીલવણી એજ કેળવણીનું લક્ષ્યબિન્દુ છે. ભારતવર્ષનું પ્રાચિન ગૌરવ, પ્રાચિન વિભૂતિ, સ્વતંત્રતા, સામાજીક બંધનોના ત્રાસમાંથી છુટકારો એ સર્વનો ઉપાય કેળવણીજ છે. રાષ્ટ્રીય પુનરૂદ્ધારનું સાધન એજ છે કે સ્ત્રી અને પુરૂષે સાથે રહીને સંપથી કાર્ય કરવું.

હૃદયના ઉંડા ખુણામાં જોતાં સ્ત્રીઓને કેળવણી આપવાની પુરૂષોની ઇચ્છા છેજ નહિ. તેઓ બીએ છે, ગભરાય છે…જ્યાં હજુ કેળવણીની શરૂઆત થઇ નથી તે પહેલાં તો તેમને બીક લાગે છે કે રખેને પોતાની સ્થિતિ ઉતરતી થઇ જાય. રખેને તેઓ પ્રભુ મટી સેવક થઇ જાય. ખરૂં જોઇએ તો એમ છે કે તેમનામાં અદેખાઇજ છે. બાકી જે માર્ગે પુરૂષોની બુદ્ધિનો–આત્માનો વિકાસ થતો હોય તે માર્ગ અબળા માટે શું કરવા બંધ રાખવો ? આત્માનો વિકાસ કરવાની જરૂર તો સ્ત્રી–પુરૂષ બન્નેને સરખી છે. જો કાલિદાસ, ભવભૂતિ, શેકસ્પીઅર, બાઇરન, બેકન વિગેરે મહાન સાહિત્યકારોના લખાણોથી તેમને લાભ થતો હોય તો તેનાથી સ્ત્રીઓને હાનિ થશે એમ શા માટે ધારવું ? દુનિયાના વ્યવહારમાં, નોકરી ને ધંધામાં, વેપારમાં, રોજગાર કરવામાં અને કુટુંબની જવાબદારી ઉઠાવવામાં આ શિક્ષણને લીધે પુરૂષો અયોગ્ય નથી થતા તો સ્ત્રીઓને ઘરધંધો કરવામાં, બાલક ઉછેરવામાં, પુરૂષોને ઉની ઉની તાજી રસોઇ જમાડવામાં તેવું શિક્ષણ શા માટે આડે આવે. કદાપિ કોઇ દાખલા અપવાદ રૂપ બનશે કે જેમાં કેળવણીનો દુરૂપયોગ થતો જણાશે, પણ તેના મૂળ કારણો બીજાં ઘણાં હશે.

સ્ત્રીઓને સુશિક્ષિત કરવા માટે સરલ માર્ગ એ છે કે, પ્રાથમિક શાળાઓની સંખ્યામાં વધારો કરવો, માધ્યમિક શાળાઓ નવી કાઢવી અને તેને અંગે સ્ત્રીઓને માટે ટ્રેનિંગના વર્ગ ઉઘાડવા તે સાથે પરગામની છોકરીઓને અગવડ ન પડે તે માટે જરૂરીઆત પ્રમાણે બોર્ડીંગો કાઢવી એ સૌ જરૂરનું છે. સારાં પ્રતિષ્ઠિત કુટુમ્બોમાં પૈસા લઇને બોર્ડસ રાખવાના પદ્ધતિ આપણા દેશમાં કાઢવાની ઘણી જરૂર છે. સ્ત્રી કેળવણીનો પ્રચાર કરવાના આ માર્ગ વ્યવહારૂ જણાય છે.”

હવે આ કામ ઉપાડી લેનાર સ્ત્રીઓ મળવી જોઇએ. પ્રતિષ્ઠિત કુટુંબની સ્ત્રીઓ જો પહેલ કરશે તોજ બીજા બહાર પડી શકશે. જો બાળલગ્ન રહેશે તો બાળવિધવાઓ પણ રહેવાની. જો તેમને ફરી ગૃહસ્થાશ્રમ માંડવાની ઇચ્છા ન હોય તો, તેમની શક્તિનો–બુદ્ધિનો ઉપયોગ કરવાનો તેમના માબાપોએ માર્ગ કરી આપવો જોઇએ. એટલે પ્રસંગ આવે જનસમાજની સેવા કરી તેઓ ઉપયોગી જીવન ગાળી શકે. વિધવાનું જીવન એક મોટી મિલકત છે. તે વ્યર્થ ફેંકી દેવા માટે નથી. ઉલટું તેમનું જીવન દેશને વધારે ઉપયોગી, કિંમતી અને પૂજનીય છે. ભારતમાતાનું તે પણ સંતાન છે અને તે માતાની સેવા તેમણે કરવાની છે. આ ભાવના જાગૃત કરીને વિધવાઓ માટે અને અનાથ સ્ત્રીઓ માટે આશ્રમો કાઢવાની જરૂર છે.

## સ્ત્રી–જગત.

**એક વીરમાતા**—દીલ્લી ખાતે જાણીતા બેરીસ્ટર મી. અસફઅલીને ઇન્ડીયન ડીફેન્સ એકટની રૂયે હાલ પકડવામાં આવ્યા ત્યારે તેમનાં માતાએ જણાવ્યું હતું કે ‘ હું ૨૦ વરસની વયે વિધવા બની છું તે પછી ૩૦ વરસ દરમીયાન મેં આજે પહેલુંજ સુખ જોયું છે.

મારી દીલગીરી એટલીજ છે કે મારા બેટાને દેશ સેવાનું જે કામ થોડો વખત છોડવાની ફરજ પડી છે ને કામ ઉચકી લેવાને હું બુઢી અને કમજોર હોવાથી અશકત છું અને મારો બીજો કોઇ બેટો નથી જે તેના પગલે ચાલે. હું ખાત્રીથી કહું છું કે મારો છોકરો રાજ્યબંધારણના નિયમાનુસાર હિંદના છુટકારા માટે પોતાથી બનતું કરતો હતો અને તેની દેશસેવા માટે કોઇપણ ભોગ મોટો ગણાશે નહિ. મારા બુઢાપાની એક પુરી આશાને પ્રજાસેવા દેશને માટે સોંપી દેવાને મારી જીંદગીમાં આ પહેલો કીર્તીવંત દિવસ છે."

**અખીલ ભારત સ્ત્રી મહામંડળ**—અખીલ ભારત સ્ત્રી મહામંડળની શાખા મુંબઇમાં ખોલવામાં આવી છે, આવી શાખા ઉતર અને પુર્વ હીંદના મુખ્ય શેહેરોમાં પણ ખોલવામાં આવી છે. આ મંડળ તરફથી સ્ત્રીશિક્ષકો તૈયાર કરવાનું મુખ્ય કાર્ય થાય છે.

**સ્ત્રીઓના હક્ક માટે હીંદી સ્ત્રીઓની માગણી**—હોમરૂલ લીગની બાનુઓની શાખા તરફથી અમદાવાદ ખાતે ગયા ગુરૂવારે એક સભા મળી હતી. જે વખતે, સુધારાની યોજનાની રૂએ જે જે હકો પુરૂષોને મળે તે બાનુઓને પણ મળવા જોઇએ, એવો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો. આ બાબત બની શકે તે માટેના પ્રયાસો કરવાની વીનંતીઓ હીંદી પ્રજાકીય કોંગ્રેસના પ્રમુખ અને " ઓલ ઇંડીઆ કોંગ્રેસ કમીટીના સભાસદોને કરવામાં આવી હતી.

## સ્વીકાર.

**શ્રીમણિભદ્ર**—આ વાર્તા પ્રભુશ્રી મહાવીરના સમયની ઘટના છે. જેમાં **રત્નમાળા** નામનું સ્ત્રી પાત્ર જે નેક ટેક અને સ્ત્રી ધર્મને વળગી રહેલ છે તે ખાસ દરેક સ્ત્રી વર્ગને મનનનિય છે. વાર્તા ઘણી રસમય અને બોધક હોવા સાથે ભાષા છટાદાર છે, અને વચે વાર્તાને અનુકુળ ચિત્રો મુકીને તેને આકર્ષક કરેલ છે, જે શ્રમ પ્રસંશાપાત્ર તેમ આવકારદાયક છે. કિંમત રૂા. ૧–૮–૦ છે. આ ગ્રંથ મેસર્સ મેઘજી હીરજીએ નવયુગ જૈન સાહિત્ય પ્રગટ કરવાનું શરૂ કરેલ છે તેના બીજા કિરણ તરીકે બહાર મુકેલ છે અને તે પ્રકાશક પાસેથી ઠે. નં. ૫૬૬ પાયધુની મુંબઈ. એ સિરનામે લખવાથી મળી શકશે.

**કવિતાકલાપ**—રા. ચાંપશી વીઠલદાસ ઉદ્દેશીના ભિન્ન ભિન્ન વિષયો ઉપર આંતરભાવે લખાએલાં ૬૭ કાવ્યનો આ ગ્રંથમાં સંગ્રહ છે. મી. ઉદ્દેશીના કાવ્યો આ માસિકમાં પ્રકટ થયેલાં છે. ને તેમનો સાહિત્યપ્રેમ પ્રસિદ્ધ છે એટલે તે માટે વિશેષ લખવું નિરર્થક છે. કેમકે તેમનાજ કહેવા પ્રમાણે કાવ્ય એ બુદ્ધિનો વિષય નથી પણ હૃદયનો વિષય છે, એટલુંજ નહિ પણ કાવ્ય એ છે કે જે જીવનને ઉન્નત, પવિત્ર અને જાગૃત બનાવી, જીવનમાં રસ રેડી કઠણ હૃદયને કોમળ બનાવે, પ્રપંચી આત્માને નિર્દોષ અને હસતા બનાવે, અને દુઃખીને દીલાસો તેમ સુખીને ચેતવણી આપી શકે. આ શકિત કોઇ પણ કાવ્યમાં કેટલા અંશે છે તે વાચકના હૃદય ઉપર આધાર રાખે છે. કેમકે અત્યારે મોટો ભાગ સરલ રચના અને રૂઢ શબ્દોના અલંકાર તરફ વધારે આકર્ષાય છે. કિંમત ૦–૧૪–૦ પાકું પુઠું. મળવાનું ઠેકાણું—કર્તા ચાંપશી વીઠલદાસ ઉદ્દેશી નંબર ૧૦૨/૦૪ લોઅરસીતપુર રોડ—કલકતા.

બનારસી માલ વેચનાર પાસેથી એકવાર મંગાવી જુઓ.

## બનારસી કાપડ.

પસંદ ન પડવાથી બદલી આપવામાં આવશે.

**સાડીઓ** દર રૂા. ૧૫) થી ૪૦૦) સુધી ૫ વાર લાંબી ને ૪૨ ને ૪૮ ઈંચ પનાની દરેક રંગની સાદી ને બુટ્ટીદાર.

**પીતાંબર** સર્વે જાતના દરેક રંગના ને દરેક કીંમતના વાર ૫, પનો ૪૮ ઈંચથી ૫૨ સુધી. કીંમત રૂા. ૧૦) થી ૨૫) સુધી.

**ચોલી ખંડ** બુટ્ટાદાર ને સાદા દર રૂા. ૧।। થી ૨૫) સુધી.

**કાટના ખેલમણુ** છોકરા–છોકરીને માટે ૨૬ ના એક સટનો રૂા. ૧)

પીતળનો સટ ૧ નંગ ૩૨ ના રૂા. ૩।।

**જાનવર** ૧૨ કાટના પચરંગી ૧ સટનો રૂ. ૧) પોસ્ટેજ તથા પેકીંગનો ખર્ચ જુદો લેવામાં આવશે. **મકુંદદાસ નરોત્તમદાસ–ચોખંબા—બનારસ સીટી.**

### આર્યપ્રજામાં ધર્મરૂપ મનાતા દિવસો.

અથવા

## વ્રતોત્સવ.

જુદા જુદા પુરાણોમાં જુદા જુદા ઐતિહાસિક ગ્રંથોમાં અને જુદા જુદા તંત્ર ગ્રંથોમાં જે જે વ્રતો તથા ઉત્સવો બતાવેલા છે તેઓના ધાર્મિક સંસ્કારો સર્વ લોકોના અંતઃકરણમાં અવિચ્છિન્ન રહે એવા હેતુથી આ **વ્રતોત્સવ** પુસ્તક ગુજરાતી ભાષામાં રચવામાં આવેલું છે.

આ પુસ્તકમાં આખા વરસમાં આવતા ૩૬૦ દિવસમાં આવતા કુલ ૨૨૦ વ્રતો તથા ઉત્સવોનું સાધારણ સ્ત્રી–પુરૂષો પણ સમજે એવી સરલ ભાષામાં વિવેચન કરવામાં આવ્યું છે.

સનાતન ધર્માવલંબી સ્ત્રી–પુરૂષોમાં પળાતાં તમામ વ્રતો તથા ઉત્સવો માટે આ પુસ્તક એક માર્ગદર્શક છે.

કિંમત રૂપિયો ૧ એક.

**વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી,**

આતંકનિગ્રહ ઔષધાલય—**જામનગર**–(કાઠિયાવાડ).

માથામાં નાંખવાનું સુવાસિક તેલ ] **ધી હેર ટોનીક ઑઇલ** [ બાટલીની કીં. રૂા. ૧).

## એકલાખ શેકડા રૂપૈયાનાં ઇનામો ! ! !

| | |
|---|---|
| ૧ લું ઇનામ ૨૪ બાટલી લેનારા માટે રૂ. ૩૨,૦૦૦ | ૪ થું ઇનામ ૩ બાટલી લેનારા માટે રૂ. ૧૪,૦૦૦ |
| ૨ જું ઇનામ ૧૨ બાટલી લેનારા માટે રૂ. ૨૪,૦૦૦ | ૫ મું ઇનામ ૨ બાટલી લેનારા માટે રૂ. ૬,૦૦૦ |
| ૩ જું ઇનામ ૬ બાટલી લેનારા માટે રૂ. ૨૦,૦૦૦ | ૬ ઠું ઇનામ ૧ બાટલી લેનારા માટે રૂ. ૪,૦૦૦ |

( ૫૦ ગ્રાહક કરી આપનારા એજંટને રૂ. ૫૦૦૦ ના ખાસ ઇનામની ૧ ટીકીટ આપવામાં આવે છે.) બાટલીઓ વી. પી.થી ઇનામી ટીકીટ, સૂચીપત્ર સાથે મોકલવામાં આવે છે. જવાબ માટે ટીકીટ બીડવી. ( બેન્કર્સ: બોમ્બે બેન્ક લીમીટેડ ).

**ધી હેર ટોનીક ઓઇલ મેન્યુફેકચરીંગ કુંપની,–ફોર્ટ—મુંબઇ.**

## કેવળ જીવદયાનો સંદેશો ?

મિત્રો, હીસ્ટિરિયાનું દર્દ જોયું જાય તેવું નથી. તેવા જીવોને છોડાવવા, એ પુણ્યનું કામ છે. એમ ધારી તેમને ખબર આપો કે

**૨૪ કલાકમાં દર્દને શમાવનાર**

૨ નં. ૧૬૬

**હીસ્ટિરિયા—વાયુમુક્તા**

કી. રૂ. ૪-૧૦-૦ પો. જુદું.

દવા દેશી, સ્વધર્મ રક્ષક, પથ્ય નહિ, ગર્ભવતી અને સુવાવડીથી લેવાય. આંકડી, ચકરી, તણાવું, ગભરામણ, શીત, ફાટ, તોડ, કળતર, જડતા, બેશુદ્ધિ, ગોળો, પ્રદર, લાળ, ગર્ભાશયનાં દર્દો, પક્ષઘાત, લકવા, અને ચિત્તભ્રમ યાને ઘેલચ્છા ઉપર રામબાણ, જાતે અનુભવો અને સર્ટીફીકેટ દો.

**છગનલાલ લલ્લુભાઇ શાહ દેશીનામાવાળા.**

વિજાપુર—ગુજરાત.

## ખાસ સ્વદેશી સગવડ.

કેસર, કસ્તુરી, અમર, બરાસકપુર, ઉંચી અગરબતી, અગર, દશાંગીધુપ, સોનાચાંદીના પાના, સુખડ, અતર, હીંગ, હરડે, ખાપરીયુ, મોમાઇ, સીલાજીત, મોતીનો સુરમો વીગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન.

ભાવને માટે પ્રાઈસલીસ્ટ જુઓ. **ડી. શાન્તીલાલ કાન્તીલાલની કું.**

જુમામસીદ, નં. ૧૨૭ મુંબઇ.

**તૈયાર છે.** તાકીદે મંગાવો **તૈયાર છે.**

**ટુંક સમયમાં બહોળો ફેલાવો પામેલી,**

## કુંદન અને કુસુમ.

**ભાગ ૭-૮**

દરેક ભાગની કિંમત રૂ. ૧-૦-૦

સોલ એજન્ટ,

**હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર,**

ઠે. પાનકોર નાકા—અમદાવાદ.

શુદ્ધ શાસ્ત્રોક્ત પદ્ધતિથી લખાએલ સુંદર સસ્તા મનમોહક

# ફેન્સી કાર્ડ કંકોત્રીઓને માટે સંગ્રહ.

સુંદર એક યા બે રંગમાં છાપેલા હીંદી-ગુજરાતી કાર્ડ કંકોત્રીઓ

નકલ ૧૦૦ ના રૂ. ૨-૦-૦

ભેટ વગર છુટક નકલ ૧૦૦ ના રૂ. ૧-૦-૦

નવી ડીઝાઇન ઉંચા સારા કાગળ અને કાર્ડ પર બે રંગમાં છાપેલા કાર્ડ કંકોત્રીઓ નકલ ૧૦૦ ના રૂ. ૩-૦-૦

ભેટ વગર છુટક નકલ ૧૦૦ ના રૂ. ૧-૮-૦

**प्रख्यात चित्रकार मी० धुरंधरना** હાથે ખાસ પર્યુષણ માટે નવી કરાવેલ ડીઝા-ઇનમાં સુંદર બે રંગમાં છાપેલા કાર્ડ કંકોત્રીઓ નકલ ૧૦૦ ના રૂ. ૪-૦-૦

ભેટ વગર છુટક નકલ ૧૦૦ ના રૂ. ૨-૮-૦

ઉપર લખેલા કાર્ડ કંકોત્રીમાંથી કોઈપણ જાતના ૧૦૦ કે તેથી વધારે કાર્ડ કે કંકોત્રીઓ લેનારને નીચેના ગ્રંથો ભેટ મળશે. **जे दरेक ग्रंथ एक रत्न समान छे, जुज कींमतमां १००० थी वधारे उत्तमोत्तम पानानुं वांचन मळशे तेनी साथे तमोने कार्ड कंकोत्रीओ मफत मळशे आवा लाभो वारंवार मळता नथी माटे अवश्य लाभ लई लेवो.**

બાર માસોમાં એક વખત આવતાં આપણા મહાન પર્વાધિરાજ પર્યુષણ વખતે જુજ કીંમતમાં શુદ્ધ સુંદર અને ફેન્સી કાર્ડ કંકોત્રી સાથે પૂર્વે થઇ ગયેલા મહાન આચાર્યોના રચેલાં અપૂર્વ અમૃતામય.

## एक एक रत्न समान पुस्तको भेट आपवानी योजना संपूर्ण वांचो.

**લોટ નંબર ૧ લો. એકંદર પાના ૧૨૨૪ એકંદર કી. ૨-૮-૦**

૧૦૦ કાર્ડ કે કંકોત્રી લેનારને.

૧ શત્રુંજય મહાત્યમ્ય, ગુજરાતી ભાષાંતર.

૧ સ્તવન સંગ્રહ.

૧ જૈન કથામાળા.

**લોટ નંબર ૨ જો. એકંદર પાના ૧૧૭૨ એકંદર કી. ૨-૯-૦**

૧૦૦ કાર્ડ કંકોત્રી લેનારને.

૧ જૈન સ્તોત્ર સંગ્રહ.

૧ જૈન કાવ્ય પ્રકાશ ભાગ ૧-૨ જો.

૧ શુકરાજ ચરિત્ર,

૧ નવાણું જાત્રાની વિધિ.

૧ સ્નાત્રાદિ પૂજા સંગ્રહ.

૧ આત્મનિંદાષ્ટકમ.

૧ સુરસુંદરીનો રાસ.

૧ સમ્યકત્વ પ્રભાવ નોવેલ.

૧ જૈન કથામાળા.

**લોટ નંબર ૩ જો. એકંદર પાના ૧૮૩૬ એકંદર કી. ૪-૮-૦**

૨૦૦ કાર્ડ કંકોત્રી લેનારને.

૧ શ્રાધવિધિ ભાષાંતર.

૧ કાવ્ય કલ્લોલ, નવીન પુસ્તક.

૧ અધ્યાત્મ વ્યાખ્યાન માળા.
૧ જૈન સ્તોત્ર સ્તવન સંગ્રહ.
૧ જૈન કથામાળા.

**લોટ નંબર ૪ થો. એકંદર પાના ૧૮૦૬ એકંદર કી. ૪-૧૦-૦**

૨૦૦ કાર્ડ કે કંકોત્રી લેનારને.
૧ પ્રશ્નોતર રત્ન ચિંતામણી.
૧ કાવ્ય કલ્લોલ, નવીન પુસ્તક.
૧ વીધીયુક્ત પંચપ્રતિક્રમણ સુત્ર.
૧ સતપદી ભાષાંતર.
૧ સમકિત કૌમુદી ભાષાંતર.
૧ જૈન કથામાળા.

**લોટ નંબર ૫ મો. એકંદર પાના ૨૧૪૨ એકંદર કી. ૬-૧૩-૦**

૩૦૦ કાર્ડ કે કંકોત્રી લેનારને.
૧ શ્રાધવિધિ ભાષાંતર.
૧ સોમ સૌભાગ્ય કાવ્ય.
૧ રામાયણ અને આપણા આદર્શો.
૧ જૈન સ્તોત્ર સંગ્રહ.
૧ સ્તવનાવલી ભાગ ૩ જો.
૧ સમકિત કૌમુદિ ભાષાંતર.
૧ આરામ શોભા, નોવેલ.
૧ જૈન કથામાળા.

**લોટ નંબર ૬ ઠો. એકંદર પાના ૨૫૦૦.**

૩૦૦ કાર્ડ કે કંકોત્રી લેનારને.
૧ સ્તવન સંગ્રહ.
૧ સમકિત કૌમુદિ ભાષાંતર.
૧ જૈન કથામાળા.
૧ સ્નાત્રાદિ પૂજા સંગ્રહ.
૧ રત્નસેન રત્નમંજરીનો રાસ.
૧ નવાણું જાત્રાની વિધિ,
૧ સ્તવનાવલી ભાગ ૨ જો.
૧ સૂરસુંદરીનો રાસ.
૧ વૈરાગ્ય વિચિત્ર ભાગ ૧–૨ જો.
૧ પુષ્પવતી વિચાર.
૧ કકા બત્રીશી.
૧ એલાયચી કુમારના ખટઢાલીઆ.
૧ સ્થુલીભદ્ર શીયળવેલ.
૧ શ્રીપાલ નાટક.
૧ કાવ્ય કલ્લોલ, નવીન પુસ્તક.
૧ આરામ શોભા, નોવેલ.
૧ જૈન કાવ્ય પ્રકાશ ભાગ ૧–૨ જો.

**લોટ નંબર ૭ મો. એકંદર પાના ૩૫૦૦ એકંદર કી. ૧૦-૧૨-૦**

૪૦૦ કાર્ડ કે કંકોત્રી લેનારને.
૧ જૈન કાવ્ય સાર સંગ્રહ.
૧ શ્રાધવિધિ ભાષાંતર.
૧ પ્રશ્નોત્તર રત્નચીંતામણી,
૧ શતપદી ભાષાંતર.
૧ કાવ્ય કલ્લોલ.
૧ જૈન કથામાલા.

**સૂચના.**

શીલકમાં પુસ્તકો થોડાં છે તેથી જ્યાં સુધી હશે ત્યાં સુધી મળશે. જે પુસ્તક ખલાસ થશે તો તેને બદલે બીજું મોકલવામાં આવશે.

છુટક પુસ્તકો લેનારને પુરેપુરી કીંમત પડશે. કાર્ડ કંકોત્રીની કીંમત કાપી આપવામાં આવશે નહીં.

બહાર ગામથી મંગાવનારે સાફ ચોખ્ખા અક્ષરે લખવું, તેમજ કીંમત ઉપરાંત પોસ્ટેજ વી. પી. ખર્ચ વધારે પડશે.

કાર્ડ કંકોત્રીના નમુના મંગાવનારે ચાર આનાની ટીકીટો મોકલવી. જવાબ મંગાવનારે રીપ્લાઇ કાર્ડ લખવો તે સિવાય ધ્યાન આપવામાં આવશે નહીં.

---

**लखोः—श्रावक भीमसिंह माणेक.**

जैन पुस्तको प्रसिद्ध करनार तथा वेचनार. मांडवी, शाक गली—मुंबइ.

## સ્ત્રીઓનો સાથી.

### ( ધાત્રીશિક્ષા અથવા સુયાણી અને સૂતિકા. )

અનેક સ્ત્રીઓ સુવાવડ પછી જીંદગી સુધી છુપા દર્દોથી પીડાય છે, ફરી બાળક ધારણ કરી શકતી નથી, યુવાનીનો સદંતર નાશ થાય છે, બાળકો ઉછરતા નથી. આ સર્વેનું કારણ ગર્ભ ધારણ કર્યા પછી સુવાવડ સુધી કેવી રીતે રહી વર્ત્તવું જોઈએ, સુવાવડ સમયે અજ્ઞાન સુયાણીઓના હાથે કેવી દુર્દશા થાય છે, વિગેરે ખ્યાલ હોતો નથી. ઉપરના દરેક ખ્યાલને આપતું **'સ્ત્રીઓનો સાથી'** સ્ત્રીઓને નવું જીવન બક્ષનાર પુસ્તક છે. જે દરેક બ્હેનોએ પોતાની પાસે રાખી તેનો ઉપયોગ કરવો જોઇએ. કે જેથી પ્રસવની પીડાથી પ્રસૂતિઓના દયાજનક બૂમ-બરાડા અને પ્રસવ કાર્યથી થતા હૃદયવિદારક અનિષ્ટ બનાવો થવા પામશે નહિ. કીંમત રૂા. ૧-૦-૦. ( પોસ્ટ ખર્ચ જુદો ).

લખો—**જૈન જનરલ બુક ડેપો.**
ભાવનગર.

---

## પ્રદર વિનાશક.

### સ્ત્રી વર્ગ માટે ખાસ દવા.

દરેક જાતના પ્રદર અને ગર્ભાશયના કોઇબી દરદથી પીડાતી અને શરમને લીધે અસહ્ય સંકટ ભોગવતી અબળાઓ માટે આ દવા એક આશિર્વાદ છે.

"સ્ત્રી ઉપયોગી" પુસ્તક મફત મંગાવો.


પ્રદર વિનાશક ઑફિસ,
ખંભાત—( ૬ )

---

## તદ્દન મફત ! ! !

હેરત પમાડનારી વીજળીની આશ્ચર્યજનક વસ્તુઓના ૪૪ સુંદર ચીત્રાવાળું પ્રાઇસલીસ્ટ મફત મોકલવામાં આવે છે.

એક નાનકડા ગજવામાં રાખી શકાય તેવા



# વીજળીના દીવા.

તેલ કે દીવાસળીની જરૂર વગર ફકત એક ચાંપ ખસેડતાંની સાથેજ ઘણીજ ભભકાદાર રોશની થાય છે.

કીંમત રૂ. ૨, ૨ા, ૩, ૩ા, ૪, ૫, અને ૬. પોસ્ટેજ ૬ આના.

**ટી. જી. શાહ—ઇલેકટ્રીક સ્ટોર્સ, અમદાવાદ.**

# કામિનિયા હેરઓઇલ.

( સંખ્યાબંધ ચાંદ, સર્ટિફીકેટો અને અભીપ્રાયો મળ્યા છે. )

બાલને
સુંદર
સુંવાળા
તેજસ્વી
તથા
કાળા
બનાવે છે.
અને
જલદી
વધારે છે.




મગજને
શાંત
આનંદી
અને
ચાલાક
કરી
દીલને
રાહત
આપે છે.

બાટલીની કિ. રૂ. ૧-૦-૦ વી. પી. ૦-૪-૦    ત્રણ બાટલીના રૂ. ૨-૧૦-૦ પોસ્ટ ૦-૭-૦

લખો—એંગ્લો ઇન્ડીયન ડ્રગ કેમીકલ કું૦ જુમામસજીદ-મુંબઈ.

એજંટ અમીચંદ ડાયાભાઇ અને કું૦ મેડીકલહોલ-ભાવનગર



આ માસિક તંત્રી શેઠ દેવચંદ દામજીએ પોતાના આનંદ પ્રીન્ટિંગ પ્રેસમાં છાપી પોતાની સ્ત્રીસુખ-દર્પણ 'શ્રાવિકા' માસિકની ઓફીસમાંથી પ્રગટ કર્યું.